સુવિચાર

ઈચ્છાઓને શાંત કરવાથી નહિ, પણ તેને મર્યાદિત કરવાથી જ શાંતિ મળશે!

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



દેવકીનંદન સોસાયટીમાં ૧૨.૫૨૦ કિલોગ્રામ ગાંજા સાથે એકની ધરપકડ P-4

Year-16, Issue-163 ■ DATE : 18-10-2025 SATURDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# પાકે. ફરી લખણ ઝળકાવ્યા: એરસ્ટ્રાઈકમાં અફઘાનના ૩ ક્રિકેટરો સહિત ૧૪ના મોત









### યુધ્ધ વિરામ હોવા છતાં પણ હેવાનીયત બતાવી: અફઘાન-તાલિબાન લાલઘૂમ: બંને દેશો વચ્ચે તનાવ ચરમસીમાએ અફઘાન પણ ભારતના માર્ગે

**મુખ્ય સમાચાર, કાબુલ**

પાકિસ્તાને અફઘાનિસ્તાન પર ટીટીપી જેવા આતંકવાદી સંગઠનોને પોતાની ધરતી પર આશ્રય આપવાનો આરોપ લગાવ્યો છે. જોકે, અફઘાનિસ્તાને આ વાતનો ઈનકાર કર્યો છે, જેના કારણે બંને દેશો વચ્ચે સરહદ પર તણાવ વધી ગયો છે. પાકિસ્તાને ગઈકાલે મોડી રાત્રે અફઘાન સરહદની અંદર હવાઈ હુમલો પણ કર્યો હતો, જેમાં ત્રણ ક્રિકેટરો સહિત ૧૪ લોકો માર્યા ગયા હતા અને એક ડઝન અન્ય ઘાયલ થયા હતા. મેચ પૂરી થયા પછી જ્યારે આ બધા ખેલાડીઓ પોતાના ઘરે જવા માટે તૈયાર હતા, ત્યારે પાકિસ્તાને તેમના પર બોમ્બ ફેંક્યા. અફઘાનિસ્તાન અને પાકિસ્તાન ૪૮ કલાકનો યુદ્ધવિરામ જાળવવા સંમત થયા હતા, પરંતુ અફઘાનિસ્તાનનો દાવો છે કે પાકિસ્તાને ઉશ્કેરણી વિના હુમલા ફરી શરૂ કર્યા છે. અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડે તેના ક્રિકેટરોના મોતની પુષ્ટિ કરી છે અને આગામી મહિને પાકિસ્તાન સાથે રમાનારી ત્રિ-રાષ્ટ્રીય ટી૨૦ આંતરરાષ્ટ્રીય શ્રેણીમાંથી પણ ખસી ગયો છે.

પાકિસ્તાન સાથે રમાનારી ત્રિ-રાષ્ટ્રીય ટી૨૦ આંતરરાષ્ટ્રીય શ્રેણીમાં રમવાનો ઈનકાર કર્યો છે

અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડે જાહેરાત કરી છે કે ટુર્નામેન્ટ માટે હાજર રહેલા તેના ત્રણ ક્રિકેટરો પાકિસ્તાની હવાઈ હુમલામાં માર્યા ગયા હતા. બોર્ડે આગામી મહિને પાકિસ્તાન સાથે રમાનારી ત્રિ-રાષ્ટ્રીય ટી૨૦ આંતરરાષ્ટ્રીય શ્રેણીમાંથી પણ ખસી જવાનો નિર્ણય લીધો છે. તેણે આ હુમલાની પણ નિદા કરી છે, જેના પરિણામે નિર્દોષ લોકો માર્યા ગયા હતા.

પાકિસ્તાની હવાઈ હુમલામાં ત્રણ અફઘાન ક્રિકેટરો માર્યા ગયા છે. અફઘાનિસ્તાનના પક્તિકા પ્રાંતમાં પાકિસ્તાની હવાઈ હુમલામાં ત્રણ સ્થાનિક અફઘાન ક્લબ ક્રિકેટરો માર્યા ગયા છે. પ્રાંતીય રાજધાની શરણામાં એક સ્થાનિક ટુર્નામેન્ટમાંથી ક્રિકેટરો ઉર્ગુન જિલ્લામાં પરત ફરી રહ્યા હતા ત્યારે આ ઘટના બની. અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડે આ નુકસાન પર ઊંડો દુઃખ વ્યક્ત કર્યો છે અને મૃતકોને અફઘાન ક્રિકેટના ગ્રાઉન્ડરુટ હીરો ગણાવ્યા છે. અફઘાન સ્ટાર ખેલાડીઓએ આ હુમલાની સખત નિદા કરી છે.

અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડએ શનિવારે પક્તિકા પ્રાંતમાં પાકિસ્તાની હવાઈ હુમલામાં ત્રણ અફઘાન ક્રિકેટરોના મોત પર ઊંડો દુઃખ વ્યક્ત કર્યો છે અને પાકિસ્તાન સાથેની આગામી ट२० ત્રિકોણીય શ્રેણીમાંથી ખસી જવાની જાહેરાત કરી છે. ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં, અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડએ કહ્યું, આજે સાંજે પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા કાયર હુમલામાં નિશાન બનાવવામાં આવેલા પક્તિકા પ્રાંતના ઉર્ગુન જિલ્લાના બહાદુર ક્રિકેટરોની દુઃખદ શહાદત પર અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ ઊંડો દુઃખ વ્યક્ત કરે છે.

## દાદા સરકારના ૨.૦ મંત્રીમંડળમાં હર્ષ સંઘવીને ગૃહ, ઋષિકેશ પટેલને ઉર્જા ખાતું સોંપાયું

**મુખ્યમંત્રી**



ભૂપેન્દ્ર પટેલ
સામાન્ય વહીવટ

**નાયબ મુખ્યમંત્રી**



હર્ષ સંઘવી
ગૃહ વિભાગ

**કેબિનેટ મંત્રી**



કનુ દેસાઈ
નાણા વિભાગ



ઋષિકેશ પટેલ
ઉર્જા વિભાગ



કુંવરજી બાવળિયા
શ્રમ-રોજગાર



અર્જુન મોઢવાડિયા
વન-પર્યાવરણ



જીતુ વાઘાણી
કૃષિ વિભાગ



રમણ સોલંકી
અન્ન - નાગરિક પુરવઠો

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

દાદા સરકાર ૨.૦ની પ્રથમ કેબિનેટ ,બેઠકમાં નવા મંત્રીઓને ખાતા ફાળવણી કરાઈ હર્ષ સંઘવીને ગૃહ, મોઢવાડિયાને વન-પર્યાવરણ, પાનસેરિયાને આરોગ્ય, ઈશ્વર પટેલને પાણી પુરવઠા, ત્રિકમ છાંગાને ઉચ્ચ-ટેકનિકલ શિક્ષણ ખાતું સોંપાયું

નવા મંત્રી મંડળમાં કેબિનેટ મંત્રીઓમાં કનુભાઈ દેસાઈને નાણાં, ઋષિકેશ પટેલને ઉર્જા, જીતુ વાઘાણીને કૃષિ, કુંવરજી બાવળિયાને શ્રમ-રોજગાર અર્જુન મોઢવાડિયાને વન પર્યાવરણ, ડૉ. પ્રદ્યુમન વાજાને સામાજિક ન્યાય અને રમણ સોલંકીને ખાદ્ય વિભાગ સોંપાયા

રાજ્ય કક્ષાના મંત્રી પરસોત્તમ સોલંકીને ફિશરીઝ, કાંતિભાઈ અમૃતિયાને શ્રમ અને રોજગાર, કૌશિક વેકરિયાને કાયદો અને ન્યાય રિવાબા જાડેજાને પ્રાથમિક શિક્ષણ જયારે પી.સી. બરંડાને આદિજાતિ વિકાસ વિભાગ સોંપાયા

નવા મંત્રી મંડળમાં સ્વતંત્ર હવાલો ધરાવતા રાજ્ય કક્ષાના મંત્રી ઈશ્વર પટેલને પાણી પુરવઠા, પ્રફુલ પાનસેરિયાને આરોગ્ય વિભાગ ફાળવાયો જયારે મનીષા વકીલને મહિલા અને બાળ વિકાસ ખાતું સોંપાયું છે.

## ધનતેરસનું શુકન સાચવતા રાજકોટવાસીઓ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્રકાશ પર્વ દિવાળીને વધાવવા જન જનમાં ઉમંગ ઉત્સાહનો અભૂતપૂર્વ સંચાર થયો છે દરેક બજારમાં ધૂમ ખરીદીનો માહોલ જામ્યો છે ધનતેરસની ઝવેરીબજારમાં શુકનવંતી ખરીદીનો માહોલ શરુ થયો છે . છેલ્લા કેટલાક મહિનાથી સોનાના ભાવ આસમાનને આંબ્યાં હતા, સોનીબજારમાં મંદીનો માહોલ છવાયો હતો,, અલબત્ત ગઈ કાલે વૈશ્વિક સ્તરે સોનાના ભાવમાં ઘટાડો થતા ગ્રાહકોને મોટી રાહત મળી છે



ધનતેરસના શુકનવંતા અવસરે આજ સવારથી જ ગ્રાહકોની ચહલ પહલ સાથે ખરીદીનો માહોલ જામ્યો હતો સાંજથી ગ્રાહકી વધવાની આશા વ્યક્ત થઇ રહી છે ધનતેરસના શુકનવંતા અવસરે ગ્રાહાકીનો માહોલ રહેતા ઝવેરીબજારમાં થોડો ઘણો પ્રાણ ફુંકાયો છે

પેલેસ રોડ પર કલાત્મક આભૂષણોનો ઝળહળાટ સર્જાયો છે વેપારીઓના માનવા મુજબ ધનતેરસના શુકનવતા અવસરે વણ જોઈતું મુહુર્ત હોય ખરીદીનું વિશેષ મહત્વ છે

ઝવેરી બજારમાં અવનવા આભૂષણોનો ઝળહળાટ સર્જાયો છે ગ્રાહકો માટે મનમોહક ડીઝાઇનની એન્ટીક જવેલરી,ટ્રેડીશનલ તેમજ ફેન્સી આભૂષણો ઉપરાંત ડાયમંડ જવેલરી પણ ઝગમગી રહી છે

આ ઉપરાંત પ્રેઝેન્ટેશન,ગીફ્ટ આર્ટીકલ અને લગ્ન પ્રસંગ માટે બ્રાઈડલ જવેલરીની વિશાલ રેંજ જોવા મળે છે આ ઉપરાંત હળવા વજનના બુટી ,બાલી ,વીટી પેન્ડલ,રંગ બેરંગી મીનાકારી અને નંગ ડાયમંડની કાનની લટકણ બાલી ,સહિતની વેરાયટીઓ પણ આકર્ષણ જમાવે છે

હાલમાં સોના અને ચાંદીના ભાવ ઐતિહાસિક સપાટીએ પહોંચ્યા છે, ત્યારે ધનતેરસના શુભ અવસરે સોના ચાંદીની ખરીદી કરવી શુભ મનાય છે, વધતા ભાવની અસર હેઠળ પણ ગ્રાહકો સિક્કાની ખરીદી કરતા જોવા મળે છે સિક્કાનું વેચાણ સાથે હળવા વજનના દાગીનાનું વેચાણ થઇ રહયું છે

સોનાના દાગીના ઉપરાંત લેટેસ્ટ ટ્રેન્ડ મુજબ ડાયમંડ જવેલરીનું પણ યુવા વર્ગમાં આકર્ષણ વધ્યું છે ડાયમંડ જવેલરીમાં લાઈટ વેઇટ જવેલરીમાં અદભુત વેરાઈટી-આવનવી ડીઝાઈનને યુવાઓમાં ખાસ્સી લોકપ્રિયતા મેળવી છે

ઝવેરીબજારમાં શુકનવંતી ખરીદી વધી છે ગ્રાહકો હળવા ભારે વજનના દાગીનાઓ ખરીદી રહ્યાં છે સામાન્ય દિવસો કરતા ગ્રાહકીમાં વધારો થયો છે જોકે જોઈએ તેટલી ઘરાકી જામી નથી આ વર્ષે ભાવ વધારાની અસર જોવાઈ હોવાનું વેપારીઓ જણાવે છે.

## લુધીયાણાથી દિલ્હી જઇ રહેલ ગરીબરથ એકસપ્રેસમાં આગ લાગતા અફરાતફરી



**મુખ્ય સમાચાર, લુધીયાણા**

લુધીયાણાથી દિલ્હી જઈ રહેલી અમૃતસર-સહરસા ગરીબરથ એકસપ્રેસ ટ્રેનમાં આજે સવારે સરહિન્દ રેલ્વે સ્ટેશન પાસે આગ લાગી હતી. જોકે યાત્રીઓને ત્વરીત સુરક્ષીત રીતે અન્ય કોચમાં શિફ્ટ કરવામાં આવતા અને ફાયર બ્રિગેડે તરત આગને કાબુમાં લેતા મોટી દુર્ઘટના ટળી હતી. આ ઘટનામાં માત્ર એક મહિલા દાઝી હતી.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ લુધીયાણાથી દિલ્હી જઈ રહેલી અમૃતસર-સહરસા ગરીબરથ એકસપ્રેસ ટ્રેન આજે સવારે સરીહન્દ રેલવે સ્ટેશન પાસે પહોંચી તો એક કોચમાં આગ લાગી હતી. જેથી ટ્રેનને તરત રોકી દેવામાં આવી હતી અને રેલ કર્મીઓએ રાહત કાર્ય શરૂ કરી દીધુ હતું.

ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ બનાવ સ્થળે પહોંચી હતી અને યાત્રીઓને સુરક્ષીત રીતે શિફ્ટ કરવામાં આવ્યા હતા. રેલવે કર્મચારીઓને તરત કોચ ખાલી કરાવ્યો હતો. ફાયર બ્રિગેડે ઝડપથી આગ પર કાબુ મેળવ્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે આગ સીમીત ભાગમાં હતી એટલે ઝડપથી કાબુમાં આવી હતી. ટ્રેનનાં કોચમાં આગની આ ઘટનામાં જાનહાની કે કોઈ મોટા નુકશાનનાં ખબર નથી. એક મહિલા દાઝલા તેને સારવાર માટે હોસ્પિટલે ખસેડાઈ હતી. ટ્રેન ટુંક સમયમાં જ આગળ પહોંચશે અને કોચમાં આગ લાગવાના કારણની તપાસ થઈ રહી છે.

## રાજકોટ સહિત સૌરાષ્ટ્રના ભાજપના વરિષ્ઠ નેતાઓમાં ભારે અસંતોષ

### મંત્રીમંડળમાંથી રાજકોટ, દ્વારકા અને જૂનાગઢ જીલ્લાની બાદબાકી કરાતા રોષ ચરમસીમાએ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભૂપેન્દ્ર પટેલના નવા મંત્રીમંડળમાં ૨૬ પૈકી ૮ મંત્રીઓ સૌરાષ્ટ્રના હોવાથી સૌરાષ્ટ્રનું વજન વધ્યું હોવાની દેખીતી છાપ તો ઉપસે છે. પરંતુ, ભાજપના સિનિયરોને અન્યાય અને કેટલાક જિલ્લાઓની બાદબાકી સહિતનાં કારણોસર રાજકોટ, દેવભૂમિ દ્વારકા અને જૂનાગઢ જિલ્લામાં ભાજપમાં અંદરખાને અસંતોષ પ્રવર્તે છે. પરંતુ, ટોચના નેતાઓના નિર્ણય સામે બોલવાની ગુસ્તાખી કરવાનું ટાળીને સિનિયરોએ મો સીવી લીધાં છે.



રાજકોટમાંથી ભાનુબહેન બાબરિયાને બેસાડી દેવાતાં વિજય રૂપાણીના સમયમાં જેનો દબદબો હતો એ શહેરનું મહત્ત્વ તેમના પછી તબક્કાવાર ઘટતું ચાલ્યાની નારાજગી ઉપરાંત અનુ.જાતિમાં પણ કચવાટ છે. જ્યારે આ જિલ્લાના સિનિયર લેઉવા પટેલ-ભૂતપૂર્વ મંત્રી જયેશ રાદડિયાને પણ ખાસ્સી ચર્ચા છતાં પુનઃ સ્થાન નથી અપાયું. સહકારી ક્ષેત્રે વિરોધમાં પડવાનું તેમને ભારે પડ્યાનું મનાય છે. જો કે, નારાજગી દર્શાવવાને બદલે તેમણે નવા મંત્રીઓને શુભેચ્છા આપીને 'પાર્ટી અમારા જેવા કાર્યકરને જ્યારે જે જવાબદારી આપે તે નિભાવતા રહીએ છીએ' એવી પ્રતિક્રિયા આપી હતી.

લેઉવા સમાજની સંભવિત નારાજગી ખાળવા જે જુનિયરને સ્થાન અપાયું છે એ અમરેલીના કૌશિક વેકરિયા તાજેતરમાં તત્કાલીન પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ સાથેની ઓડિયો ક્લિપને લઈને અને અગાઉ પાયલ પ્રકરણ વખતે ચર્ચામાં હતા. કડવા પાટીદારોમાંથી સિનિયર રાઘવજી પટેલને બેસાડી દઈને ભાજપે જેને પ્રથમ વાર મંત્રી બનાવ્યા તે મોરબીના કાંતિ અમૃતિયા તાજેતરમાં ગોપાલ ઈટાલિયા સાથેની ટસલને લઈને રાજીનામાનું નાટક કરવા સચિવાલય તરફ ધસી ગયા હતા, પણ હવે મંત્રીપદ સાથે સચિવાલયમાં જશે.

સૌરાષ્ટ્રના બે નાના જિલ્લા પૈકી પોરબંદરના સાંસદ મનસુખ માંડવિયા કેન્દ્રીય મંત્રીમંડળમાં છે જ ત્યાં હવે મૂળ કોંગ્રેસી ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાને રાજ્ય મંત્રીમંડળમાં કેબિનેટમાં સ્થાન અપાયું છે. વળી, બીજી તરફ દેવભૂમિ દ્વારકામાંથી જે એકમાત્ર-સિનિયર મંત્રી હતા તે મૂળુ બેરાને રૂખસદ આપી દેવામાં આવી હોવાથી નારાજગી પ્રવર્તે છે. જૂનાગઢ જિલ્લાને તો વર્ષોથી મંત્રીપદ મળ્યું જ નથી અને આ વખતે સંજય કોરડિયાનું નામ ચર્ચામાં હતું છતાં પસંદગી ન થઈ. તેમણે પણ પાર્ટીનો નિર્ણય શિરોમાન્ય' કહીને વાત ટૂંકાવી હતી. આ દરમિયાન, દ્વારકાને લાગુ જામનગર જિલ્લામાંથી સિનિયર રાઘવજી પટેલને પડતા મૂકીને નવા ચહેરા રિવાબા જાડેજાને રાજ્યકક્ષાનાં મંત્રી બનાવી ક્ષત્રિયોને ખુશ રાખવા પ્રયાસ કરાયો છે.

## ટ્રમ્પને ફટકાર: ડીપોર્ટેશનની કાર્યવાહી રોકવા કોર્ટનો આદેશ

**મુખ્ય સમાચાર, શિકાગો**

શિકાગો એરિયામાં હાલ ICEના એજન્ટ્સ અને પબ્લિક વચ્ચે ઘર્ષણ વધી રહ્યું છે તેવામાં કોર્ટે એક મહત્વનો આદેશ આપતા ઈમિગ્રેશન એન્ફોર્સમેન્ટની કાર્યવાહીમાં સામેલ થતા એજન્ટ્સ માટે બોડી કેમેરાનો ઉપયોગ ફરજિયાત બનાવ્યો છે.

કોર્ટે એવી પણ સ્પષ્ટતા કરી છે કે એજન્ટ ડ્યૂટી પર હોય ત્યારે આ કેમેરા સતત ચાલુ રહેવા જોઈએ. યુએસ ડિસ્ટ્રિક્ટ જજ સારા એલિસે આ અંગેનો ઓર્ડર આપતા કહ્યું હતું કે પ્રોટેસ્ટર્સ અને ફેડરલ એજન્ટ વચ્ચે થઈ રહેલી અથડામણના વિડીયો જોઈને પોતે વ્યથિત છે.

ખાસ તો મંગળવારે ICEના એજન્ટ્સે એક કારને ટક્કર મારતા થયેલા અકસ્માત બાદ એકઠા થઈ




ગયેલા ટોળાંને વિખેરવા માટે ફેડરલ એજન્ટ્સે ટીયર ગેસના શેલ છોડતા મામલો ખૂબ જ ગંભીર બની ગયો હતો અને કોર્ટે તેની પણ ખાસ નોંધ લીધી હતી.

કોર્ટે એમ પણ જણાવ્યું હતું કે જો એજન્ટ્સ બોડી કેમનો ઉપયોગ કરશે તો ગ્રાઉન્ડ પર શું થઈ રહ્યું છે તેનું ડોક્યુમેન્ટેશન કરવું સરળ રહેશે, જોકે આ કેસની હિયરિંગ દરમિયાન ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ દ્વારા બોડી કેમેરાના ઉપયોગ સામે વાંધો વ્યક્ત કરવામાં આવ્યો હતો.

કોર્ટના આદેશ બાદ DHSના પ્રવક્તાએ જણાવ્યું હતું કે હાલ એવો કોઈ આદેશ નથી કે જેના હેઠળ બોડી કેમેરાનો ઉપયોગ ફરજિયાત બનાવી શકાય. તેમણે એમ પણ કહ્યું હતું કે કોર્ટે આ મામલામાં દખલઅંદાજી કરવાની જરૂર નથી અને જો કોર્ટ પોતાના કાર્યક્ષેત્રની ઉપરવટ જઈને આવા ઓર્ડર આપશે તો તેને એક્સટ્રિમ એક્ટ ઓફ જ્યુડિશિયલ એક્ટિવિઝમ ગણવામાં આવશે.

## નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને રીવાબા જાડેજાએ મંત્રીપદનો કાર્યભાર સંભાળ્યો





**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ભૂપેન્દ્ર પટેલ સરકારના નવા મંત્રીઓ આજે કાર્યભાર સંભાળવવાનો પ્રારંભ કરી દીધો છે. સૌપ્રથમ આદિજાતિ વિકાસમંત્રી નરેશ પટેલે ચાર્જ લીધો હતો. રિવ-ાબા જાડેજા અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ વિજય મુહૂર્તમાં ૧૨.૩૯ મિનિટે મંત્રી તરીકેનો ચાર્જ લીધો હતો. દિવાળી અને નૂતન વર્ષ પર્વ નિમિત્તે ૨૬ ઓક્ટોબર સુધી સચિવાલયમાં વેકેશન રહેશે. ૨૭ ઓક્ટોબરથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની નવરચિત સરકાર સંપૂર્ણ રીતે કાર્યરત થશે. ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલ ૧ અને ૨માં આજે નવા પ્રધાનોના આવકાર માટે ઉત્સવનું આયોજન કરાયું છે.

રીવાબા જાડેજાએ શુક્રવારે મંત્રીપદના શપથ લીધા બાદ આજે વિજય મુહૂર્તમાં ચાર્જ સંભાળ્યો હતો. રીવાબાએ પતિ રવીન્દ્ર જાડેજા અને દીકરી નિધ્યાનાબા સાથે પોતાની ઓફિસમાં પૂજા અર્ચના કરી હતી.

# જામનગરમાં સખી મંડળના મહિલા દ્વારા સ્વદેશી ચીજ વસ્તુઓની ખરીદી કરવા લોકોને વિનંતી કરાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા સ્વદેશી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.સરકાર દ્વારા વોકલ ફોર લોકલના સુત્રને સાકાર કરવા તેમજ સ્વદેશી ચીજવસ્તુઓનું ઉત્પાદન વધે અને લોકો સ્વદેશી વસ્તુઓની ખરીદી કરે તે માટે વિવિધ આયોજનો કરવામાં આવ્યા છે. જેના ભાગરૂપે જામનગર મહાનગરપાલિકા દ્વારા જામનગરમાં સ્વદેશી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યાં સખી મંડળના બહેનો દ્વારા વિવિધ વસ્તુઓ બનાવી તેનું વેચાણ કરવામાં આવે છે.મહાકાલી સ્વસહાય જૂથના મહિલા શિવાંગીબા ચૌહાણ જણાવે છે કે, દિવાળીના તહેવાર દરમિયાન સરકાર દ્વારા તેઓને ખુબ સારો ટેકો મળ્યો છે. એક અઠવાડિયા માટે જામનગરમાં શોપિંગ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવતા વડાપ્રધાનના સ્વદેશી વસ્તુઓ અપનાવવાના સૂત્રને સાર્થક કરવાનો મોકો મળ્યો છે. ગ્રુપની મહિલાઓ દ્વારા વિવિધ પ્રકારની હેન્ડમેડ વસ્તુઓ બનાવવામાં આવે છે તેમાં તેઓ તોરણ, ટોડલીયા, પૂજા થાળી, શોપીસ, દિવાળીના તહેવાર દરમિયાન સુશોભનની વસ્તુઓ ઉપરાંત મુખવાસનું વેચાણ કરે છે. શિવાંગીબા લોકોને વિનંતી કરતા જણાવે છે કે, બધા સ્વદેશી વસ્તુઓ અપનાવે તો સ્થાનિક લોકોનો જ વેપાર થશે અને તેઓ આગળ વધશે.

# મોરબીમાં ગાંધીચોક નજીક મહિલાના ગળામાંથી સોનાના ચેઈનની ચીલઝડપ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના ગાંધીચોક પાસે ખરીદી કરીને ઘરે જતી મહિલાના ગળામાંથી બે અજાણ્યા શખ્સોએ મોટરસાયકલ ઉપર આવી આશરે ૮૦ હજાર રૂપિયાના સોનાનો ચેઈન ગળામાંથી ઝૂંટવી લઈ ગયા અંગેની ઘટના બની છે. હાલ પોલીસે અજાણ્યા બે આરોપીઓ સામે ગુનો નોંધ્યો છે અને આરોપીઓને શોધવા ચક્રો ગતીમાન કર્યા છે.

મોરબી શહેરમાં ચીલઝડપની એક ઘટના સામે આવી છે. જેમાં મોરબી તાલુકા પોલીસ લાઇન ક્વાર્ટર નં.૩૧ બ્લોક નં.૪ માં રહેતા નિરૂબા મેહુલસિંહ ભીખુભા ભાટીયા મુળરહે-ભાડુકા તા.સાયલા જી.સુરેન્દ્રનગર વાળાએ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે, ગઈ તા.૧૫ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ સાંજે તે પોતાની દીકરી રીવા, જેઠાણી હેતલબા અને જેઠાણીના દીકરા સાથે મોરબી બજારમાં ખરીદી કરવા ગયા હતા, જે ખરીદી પૂર્ણ કર્યા બાદ રાત્રીના લગભગ ૯ વાગ્યે, તેઓ ગાંધીચોક ખાતે રાજસ્થાન પાઉભાજી વાળાની સામે પહોંચ્યા ત્યારે એક ડબલ સવારી મોટરસાયકલ અચાનક તેમની નજીક આવી. મોટરસાયકલ પર પાછળ બેસેલા અજાણ્યા શખ્સે તેમના ગળામાં પહેરેલી આશરે ૧૦ ગ્રામ વજનના સોનાના ચેઈન કિ.રૂ.૮૦,૦૦૦/-ને ઝાટકો મારી છીનવી લઈ નાસી ગયા હતા. ત્યારે ફરિયાદી નિરૂબા અને તેમના જેઠાણીએ બુમા-બુમ કરતાં આસપાસના લોકો ભેગા થયા હતા, પરંતુ આરોપીઓ રાત્રિના સમયે ઘટના સ્થળે અંધારું હોવાથી નાસી ગયા હતા અને મોટરસાયકલનો નંબર જોઈ શકાયો ન હતો. હાલ પોલીસે બે અજાણ્યા શખ્સો સામે ચીલઝડપનો ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે અને આરોપીઓને શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# રાજયકક્ષાના મંત્રી પરસોત્તમભાઈ સોલંકી ફરી રીપીટ થતા ઉનામાં મીઠાઈ વહેંચી-ફટાકડા ફોડાયા

## રાજય કક્ષાના મંત્રી પરસોતમ સોલંકી કોળી સમાજ પર પ્રભુત્વ ધરાવે છે



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના ટાવર ચોક વિસ્તારમાં આજે માનનીય મંત્રીશ્રી પરસોતમભાઈ સોલંકીને ફરી રીપીટ કરવામાં આવતા સમર્થકો મોટી સંખ્યામાં ટાવર ચોક વિસ્તારમાં પહોંચ્યા હતા મીઠાઈ વહેંચી તેમજ ફટાકડા ફોડી અને આ ઉત્સવ ઉજવ્યો હતો જેમાં તેમના જમાઈ મનોજભાઈ બાભણીયા તેમજ તેમના મિત્ર સર્કલ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા આ તકે જુનાગઢ જિલ્લા તેમજ ગીર સોમનાથ જિલ્લા કોળી સેનાના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા અને ફટાકડા ફોડીયા હતા તેમજ મીઠાઈ વહેચી અને તમામ કાર્યકરોનું મોહ મીઠું કર્યું હતું અને આ ઉત્સવ ઉજવ્યો હતો.

# મોરબી કુંભાર શેરીમાં રહેણાંકમાંથી દારૂની ૨૧ બોટલ સાથે એક પકડાયો, બે આરોપી ફરાર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેતના નવાડેલા રોડ ઉપર આવેલ કુંભાર શેરીમાં રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો જથ્થો ઉતારેલ હોવાની બાતમીને આધારે એ ડિવિઝન પોલીસે રેઇડ કરતા, કુલ ત્રણ આરોપીઓ માંથી બે આરોપીઓ મકાનની દીવાલ કૂદીને નાસી ગયા હતા, જ્યારે એક આરોપી પકડાઈ ગયો હતો. જ્યારે મકાનમાંથી વિદેશી દારૂની અલગ અલગ બે બ્રાન્ડની ૨૧ બોટલ મળી આવી હતી. હાલ પોલીસે દારૂનો જથ્થો જપ્ત કરી ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ, મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમને બાતમી મળી કે, નામચીન બુટલેગર હિતેશ ઉર્ફે મોઢીયો પોતાના સાથીઓ સાથે વિદેશી દારૂનો વેપલો કરવા ભાગીદારીમાં શહેરના નવાડેલા રોડ સ્થિત કુંભાર શેરીમાં આવેલ રહેણાંક મકાનમાં દારૂનો જથ્થો ઉતારી તેને સગેવગે કરતા હોય અને હાલ આ પ્રવૃત્તિ ચાલુ હોય, જેથી તુરંત પોલીસ ટીમે ત્યાં દરોડો પાડ્યો હતો, ત્યારે બહારથી તાળું મારેલ રહેણાંક મકાનમાં બહારથી જોતા મકાનની અંદર અમુક ઈસમો કઈક શંકાસ્પદ પ્રવૃત્તિ કરતા હોય જેથી મકાનની દીવાલ કૂદીને પોલીસે મકાનમાં પ્રવેશ કરતા, બે ઈસમો નાસી ગયા હતા, જ્યારે આરોપી હર્ષદભાઈ નાનજીભાઈ મકવાણા ઉવ.૪૯ મહેન્દ્રપરા શેરી નં.૪ મોરબી વાળો પકડાઈ ગયો હતો, જ્યારે આરોપી રાકેશભાઈ દામજીભાઈ પાદરેશા રહે. કુંભાર શેરી દામજીભાઈ મોતીભાઈના ઘરમાં મોરબી તથા આરોપી હિતેશ ઉર્ફે મોઢીયો ચંદ્રકાંતભાઈ ધોળકિયા રહે.મોરબી એમ બંને આરોપીઓ નાસી ગયા હતા. પોલીસે સ્થળ ઉપરથી વિદેશી દારૂની કુલ ૨૧ બોટલ કિ.રૂ.૧૩,૬૬૨/- ઝડપી લીધી હતી. આ સાથે પકડાયેલ એક આરોપી તથા નાસી છુટેલ બે આરોપી સહિત ત્રણેય આરોપીઓ સામે પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી ફરાર બન્ને આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

# મોરબી સબ જેલથી મતવા ચોક રોડ સુધી સ્ટ્રોમ વોટર લાઈન અને સી.સી. રોડના કામ માટે ટેન્ડર લાઈવ કરાયું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની સીવીલ તથા સીટી બ્યુટીફીકેશન શાખા દ્વારા સબ જેલ સામે રબારી વાસથી મતવા ચોક સુધી સ્ટ્રોમ વોટર ડ્રેઈન લાઈન, સી.સી. રોડ અને બોક્ષ કલ્વર્ટના કામ માટે ટેન્ડર લાઈવ કરાયુ છે. એજન્સીની નિમણૂક થયા બાદ ટૂંક સમયમાં કામ શરૂ થશે.



મોરબી શહેરના માર્ગ વિકાસ અને વરસાદી પાણીના નિકાલને સુચારુ બનાવવા માટે મોરબી મહાનગરપાલિકા સતત વિવિધ વિકાસકાર્ય હાથ ધરી રહી છે. આ અન્વયે મોરબી શહેરમાં સબ જેલ સામેથી રબારી વાસથી મતવા ચોક રોડ સુધી સ્ટ્રોમ વોટર ડ્રેઈન લાઈન ૬૦૦ એમ.એમ. ડાયમીટર નાખવાનું કામ તેમજ અંદાજિત ૧૦ મીટર પહોળો સી.સી. રોડ અને અંદાજિત ૧૨ મીટર પહોળો બોક્ષ કલ્વર્ટ બનાવવા માટેનું ટેન્ડર લાઈવ કરવામાં આવ્યું છે. મહાનગરપાલિકા દ્વારા જણાવ્યા મુજબ, એજન્સીની નિમણૂક પૂર્ણ થયા બાદ ટૂંક સમયમાં આ કામની શરૂઆત કરવામાં આવશે. આ પ્રોજેક્ટ પૂર્ણ થતા સદર રોડ પર આવેલી સોસાયટીઓ અને આસપાસના રહેવાસીઓને વરસાદી પાણી ભરાવાની સમસ્યામાં રાહત મળશે તેમજ રોડ વ્યવસ્થા વધુ સુવ્યવસ્થિત બનશે તેમ યાદીમાં જણાવાયું છે.

# જામનગરમાં ધૂમ સ્ટાઈલથી અને ઘોંઘાટ સાથે ચાલતા ૨૫ બાઈક-બુલેટ ડીટેઈન

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ધોમ ઘરાકી જોવા મળી રહી છે. બીજી બાજુ બજારમાં ટ્રાફિકના નીતિ નિયમ ભંગ કરી અનેક વાહન ચાલકો બેફામ સ્પીડે વાહન ચલાવતા હોવાથી તેને અંકુશમાં લેવા માટે ટ્રાફિક પોલીસ દ્વારા કાર્યવાહી કરાઇ હતી.જેમાં ધુમ સ્ટાઈલથી બાઈક ચલાવતા તેમજ ફાયર સાઈલેન્સર રાખી ઓવર સ્પીડીંગ કરતા સ્પોર્ટ બાઈક તથા બુલેટ બાઈક મળી ૨૫ થી વધુ વાહનચાલકો વીરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરાઇ હતી.જામનગર શહેર વિસ્તારમાં રાત્રી દરમ્યાન ફાયર સાઈલેન્સર રાખી ઓવર સ્પીડીંગ કરી ધુમ સ્ટાઈલથી બાઈક ચલાવી જાહેર માર્ગો ઉપર ઉપદ્રવ કરી સામાન્ય જનતામાં અકસ્માતનો ભય ફેલાવતા વાહન ચાલકો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા ઉપરી અધિકારીઓ દ્વારા સૂચના અપાઈ હોય જેના ભાગરૂપે શહેર ડીવાયએસપી જયવીરસિહ ઝાલાના માર્ગદર્શન મુજબ ટ્રાફિક પીઆઈ એ મ . બી . ગ ર્જ્જ ર ના . આ ો ની આગેવાનીમાં શહેર વિસ્તારના અલગ.અલગ વિસ્તારોમાં વાહન ચેકિંગ તથા પેટ્રોલીંગ કરાયું હતું.આ દરમિયાન ધુમ સ્ટાઈલથી બાઈક ચલાવતા તેમજ ફાયર સાઈલેન્સર રાખી ઓવર સ્પીડીંગ કરી જાહેર માર્ગો ઉપર ઉપદ્રવ કરી સામાન્ય જનતામાં અકસ્માતનો ભય ફેલાવતા સ્પોર્ટ બાઈક તથા બુલેટ બાઈક મળી ૨૫ થી વધુ વાહન ચાલકો વીરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી વાહનો ડીટેન કરવામાં આવેલ છે.

# મોરબીના ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયાને શ્રમ અને રોજગાર વિભાગ ફાળવાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ગુજરાત સરકારના નવા મંત્રીમંડળની રચના બાદ થયેલી ખાતાવાર ફાળવણીમાં મોરબીના ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયાને શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની જવાબદારી સોંપાઈ છે.



ગુજરાતમાં નવા મંત્રીમંડળની રચના બાદ આજે તમામ કેબિનેટ અને રાજ્ય મંત્રીઓને તેમના ખાતાઓ ફાળવવામાં આવ્યા છે. આ ફાળવણીમાં મોરબીના ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયાને શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની જવાબદારી આપવામાં આવી છે. આ નિયુક્તિ સાથે મોરબી જીલ્લાના રાજકીય વર્તુળોમાં આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે અને ચોતરફથી તેમના સમર્થકો દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

# વાંકાનેરના માટેલ રોડ પરથી કારમાં બિયરના ૨૪૦ ટીન સાથે એક પકડાયો, કાર ચાલક ભાગી છૂટ્યો



**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના ઢુવા માટેલ રોડ પર વાંકાનેર તાલુકા પોલીસની ટીમે કારમાં બિયરના ટેનની હેરાફેરી કરતા એક આરોપીને ઝડપી પાડ્યો છે. જ્યારે કાર ચાલક નાસી જવાથી તેની શોધખોળ શરૂ કરવામાં આવી છે. પોલીસે કાર સહિત કુલ રૂ.૩.૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન પીઆઇ બી.વી. પટેલની સૂચના હેઠળ સર્વેલન્સ ટીમ ઢુવા વિસ્તાર ખાતે પેટ્રોલીંગમાં હતા. દરમિયાન કોન્સ.અજયસિંહ ઝાલા અને સામતભાઈ છુછીયાને મળેલી બાતમીના આધારે ઢુવા ચોકડી પાસે શંકાસ્પદ સ્વીફ્ટ ડિઝાયર કાર રજી.નં. જીજે-૩૬-એએફ-૧૪૬૯નો પીછો કરીને રોકેલી કારમાંથી માઉન્ટસ ૬૦૦૦ ઓરિજનલ સુપર સ્ટ્રોંગ બીયરના ૨૪૦ ટીન કિ.રૂ.૩૦,૦૦૦/- મળી આવ્યા હતા, આ સાથે કારની બાજુની સીટ પર બેઠેલા આરોપી લાલજીભાઈ પ્રવિણભાઈ ડાભી રહે. સો ઓરડી ખડીયાવાસ મોરબી-૦૨ મુળ. દુધઈ તા. જોડીયા જી. જામનગર વાળાની અટકાયત કરવામાં આવી હતી. જ્યારે કારનો ચાલક અલ્પેશ ઉર્ફે ભોલો રાજેન્દ્રસિંહ ચાવડા રહે. વગડીયા તા. મુળી જી. સુરેન્દ્રનગર વાળો નાસી જવાથી તેની શોધખોળ શરૂ કરી છે. હાલ વાંકાનેર તાલુકા પોલીસે કાર સહિત કુલ કિ.રૂ.૩,૩૦,૦૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી, બંને વિરુદ્ધ પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.

# વાંકાનેર ઢૂવા ચોકડીએ જૂની અદાવતના ખારથી બે પિતરાઈ ભાઈ પર છરી વડે હુમલો

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેરમાં જૂની અદાવતનો ખાર રાખી પંજાબ રાજ્યના ત્રણ શખ્સોએ પંજાબી બે પિતરાઈ ભાઈ પર હેર ડ્રેસરની દુકાનમાં છરી વડે હુમલો કર્યો હતો. હુમલામાં બંન્નેને ગંભીર ઈજાઓ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા મોરબી સરકારી હોસ્પિટલમાં ખસેડાયા છે. ત્યારે વાંકાનેર તાલુકા પોલીસે ત્રણેય આરોપીઓ સામે ગુનો નોંધ્યો છે.

વાંકાનેર તાલુકાની ઢૂવા ચોકડી વિસ્તારમાં દેવદીપ હેર ડ્રેસર પાસે રાત્રીના સમયે બનેલી ઘટનાએ લોકોમાં ચકચાર મચાવી છે. જેમાં ફરીયાદી જસનીતસિંહ બલબીંદરસિંહ ગીલ ઉવ.૩૪ રહે. કમાન્ડર સિરામિક સરતાનપર રોડ વાંકાનેર મૂળરહે. પંજાબ રાજ્યના તરનતારણ જીલ્લાના ડોટીયા ગામના વતનીએ વાંકાનેર તાલુકા પોલીસ સમક્ષ આરોપી દિલબાગ સુખદેવસિંહ, પ્રીતપાલસિંહ અને ગુરપ્રીતસિંહ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું હતું કે, ફરિયાદી જસનીતસિંહ છેલ્લા ત્રણ વર્ષથી વાંકાનેરમાં પ્રાઈવેટ સિક્યુરિટી તરીકે નોકરી કરે છે અને તેનો પિતરાઈ ભાઈ ગુરસેવક ગુરમીતસિંહ પણ સિક્યુરિટીમાં જ નોકરી કરે છે. ફરીયાદી અને આરોપી દિલબાગ સુખદેવસિંહ, બંન્ને પંજાબના વતની હોવાથી, તેમના વચ્ચે જૂની અદાવત ચાલતી હતી. ત્યારે તા. ૧૭ ઓક્ટોબર ૨૦૨૫ની રાતે આશરે ૯ વાગ્યે ફરિયાદી જસનીતસિંહ અને ગુરસેવક વાળ કપાવવા ઢુંવા ચોકડી ખાતે દેવદીપ હેર ડ્રેસરમાં ગયા હતા ત્યારે અચાનક આરોપી દિલબાગ સુખદેવસિંહ સાથેના પ્રીતપાલસિંહ અને ગુરપ્રીતસિંહ ત્યાં આવી પહોંચ્યા અને ફરીયાદી સાથે ગાળાગાળી શરૂ કરી અને આરોપી દિલબાગે પોતાના પાસેની છરી વડે જસનીતસિંહ અને ગુરસેવક ઉપર આડેધડ ઘા માર્યા હતા. હુમલામાં જસનીતસિંહ અને ગુરસેવકને માથા અને કપાળ પર ગંભીર ઈજા પહોંચી હતી. હુમલા બાદ આસપાસના લોકોએ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી બંન્ને ઘાયલને મોરબી સરકારી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. હાલ પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

# જામનગર શહેરમાં દિવાળીના તહેવારોને અનુલક્ષીને એસ.ઓ.જી. શાખા, બૉમ્બ ડિસપોઝલ સ્કવોર્ડ તેમજ ડોગ સ્કવૉર્ડ દ્વારા સ્લમ વિસ્તારમાં સઘન ચેકિંગ કરાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં દિવાળીના તહેવારોને અનુલક્ષીને સુરક્ષાના ભાગરૂપે એસ.ઓ.જી. શાખા, બૉમ્બ ડિસ્પોઝલ સ્ક્વોર્ડ તેમજ ડોગ સ્ક્વોર્ડ સહિતની ટીમ દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારોમાં સઘન ચેકિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જોકે કશું વાંધાજનક મળ્યું નથી.જામનગર જિલ્લાના એસપી ડો. રવિ મોહન સૈનિના સીધા માર્ગદર્શન અને સૂચના અનુસાર એસ.ઓ.જી. શાખા ના પી.આઈ. બી.એન. ચૌધરીની રાહબ-રી હેઠળ એસ. ઓ. જી. નો તમામ સ્ટાફ ઉપરાંત બૉમ્બ ડિસપોઝલ સ્કવોર્ડ ની સમગ્ર ટીમ, અને એક્સપ્લોઝિવ પદાર્થ તેમજ નારકોટીક ડ્રગ્સ અંગેના સ્નિફર ડોગ ની અલગ અલગ બે ટીમ જોડાઈ હતી.જેઓ દ્વારા શહેરના સલ્મ વિસ્તારો, જેવા કે બેડી ધરાર નગર, જુના રેલ્વે સ્ટેશન, દિગ્જામ ઓવરબ્રિજ, બાવરીવાસ સહિતના અનેક વિસ્તારો ઉપરાંત પ્રદર્શન મેદાન સ્થિત એસ.ટી. ડેપો સહિતના જ્યારે જાહેર સ્થળો પર સઘન ચેકિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જોકે કોઈપણ સ્થળે કશું વાંધાજનક મળ્યું નથી.



# મોરબી પાટીદાર વુમન્સ ગ્રુપ દ્વારા જન્મદિવસ નિમિતે ૧૩૦ રાશન કીટનું વિતરણ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જન્મદિવસની ઉજવણીમાં ખોટા ખર્ચાને બદલે મોરબી પાટીદાર વુમન્સ ગ્રુપે સેવા અને માનવતાનો માર્ગ અપનાવ્યો છે. ગ્રુપના અગ્રણી કાજલબેન આદ્રોજાના જન્મદિવસ નિમિત્તે રેન બસેરામાં વસતા નબળા વર્ગના લોકો માટે ૧૩૦ જેટલી રાશન કીટનું વિતરણ કરીને ખુશી વહેંચવામાં આવી હતી.

મોરબીમાં પાટીદાર વુમન્સ ગ્રુપે જન્મદિવસની ઉજવણીને એક નવો અર્થ આપ્યો છે. જ્યાં સામાન્ય રીતે જન્મદિવસ ઉપર મસમોટા કાર્યક્રમો, પાર્ટીઓ અને સાથે ઉજવણી જોવા મળે છે, ત્યાં આ ગ્રુપે ખોટા ખર્ચાને બદલે સેવા કાર્યનો માર્ગ અપનાવ્યો છે. જેમાં ગ્રુપના અગ્રણી કાજલબેન આદ્રોજાના જન્મદિવસના પ્રસંગે ગ્રુપના સભ્યોએ માનવતાભર્યું પગલું ભરી મોરબીના રેન બસેરામાં વસતા નબળા વર્ગના લોકો માટે ૧૩૦ જેટલી રાશન કીટનું વિતરણ કર્યું હતું. આ કીટોમાં દૈનિક ઉપયોગની આવશ્યક ચીજો સામેલ હતી, જેથી લાભાર્થીઓને થોડી રાહત મળી રહે અને પોતાનું ગુજરાન સરળતાથી ચલાવી શકે. રાશન કીટ પ્રાપ્ત કરનાર લોકોના ચહેરા પર આનંદ



અને કૃતજ્ઞતાની ઝલક જોવા મળી હતી. આ સેવાકીય કાર્ય દ્વારા પાટીદાર વુમન્સ ગ્રુપે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ કાર્યક્રમમાં સાધનાબેન ઘોડાસરા, કાજલબેન આદ્રોજા, નીરૂબેન, ચંદાબેન કાબરા, અને આશાબેન સહિત પાટીદાર વુમન્સ ગ્રુપના સભ્યો સક્રિય રીતે જોડાયા હતા. તેમજ શ્રી સિદ્ધિ ખાદી ગ્રામ ઉદ્યોગ કેળવણી સંસ્થા સંચાલિત મહારાણી શ્રી નંદકુવરબા આશ્રય ગૃહના પ્રતિનિધિ અસ્મિતા ગોસ્વામી, પરેશભાઈ ત્રિવેદી તથા આશ્રય ગૃહની સંચાલક ટીમના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીમાં એમડી ડ્રગ્સના જથ્થા સાથે એક પકડાયો, મુંબઈના શખ્સનું નામ ખુલ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં નશાકારક મેફેડ્રોન (એમડી) ડ્રગ્સનો કાળો કારોબાર કરતા એક ઇસમને મોરબી સીટી એ ડિવિઝન પોલીસે ઝડપી લીધો છે. આરોપી પાસેથી ૨૮ ગ્રામથી વધુ ડ્રગ્સ, ડિજિટલ વજન કાંટો, મોબાઈલ અને કાર સહિત રૂ.૫.૮૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. આરોપીની પૂછપરછમાં મુંબઈના ચીરાગ પટેલ નામના વ્યક્તિનું નામ સામે આવ્યું છે. હાલ પોલીસે એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



મોરબી જીલ્લામાં નશાકારક પદાર્થોના વેપાર કરનારા ઉપર અંકુશ લાવવા માટે જીલ્લા પોલીસ અધિક્ષક મુકેશકુમાર પટેલ તથા નાયબ પોલીસ અધિક્ષક પી.એ. ઝાલાના માર્ગદર્શન હેઠળ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનની ટીમે પેટ્રોલિંગ દરમિયાન એમડી ડ્રગ્સના કારોબરનો પર્દાફાશ કર્યો છે, જેમાં ગઈકાલ તા. ૧૬ ઓક્ટોબરના રોજ દિવાળી તહેવારને ધ્યાને લઈ પોલીસ દ્વારા શહેર વિસ્તારમાં ચેકિંગ દરમિયાન એક શંકાસ્પદ કાર નં. જીજે-૨૭-સી-૧૩૬૧ રોકી તે કારની તલાસી લેતા, કારમાં બેઠેલા વ્યક્તિ પાસેથી નશાકારક મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો. આ સાથે પોલીસે કારચાલક આરોપી યોગેશ રતિલાલભાઈ દસાડીયા રહે. એપલ હાઈટ્સ એપાર્ટમેન્ટ બ્લોક નં.૧૦૨ રવાપર ઘુનડા રોડ મોરબી મુળ સાદુળકા ગામ તા.મોરબી વાળા પાસેથી ૨૮ ગ્રામ ૭૮૦ મીલીગ્રામ જેટલો એમ.ડી. ડ્રગ્સ, ડિજિટલ વજન કાંટો, મોબાઈલ ફોન, પ્લાસ્ટિકની કોથળીઓ અને કાર મળી કુલ રૂ.૫,૮૩,૧૦૦/-નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

વધુમાં, પકડાયેલ આરોપીનો અગાઉનો ગુન્હાહીત ઈતિહાસ પણ ખુલ્યો છે. તે અમદાવાદ શહેરના વટવા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એનડીપીએસ એક્ટ હેઠળના કેસમાં હાઈબ્રીડ ગાંજા સાથે પકડાયો હતો. હાલ આરોપી યોગેશ દસાડીયાની પૂછપરછ દરમ્યાન આરોપીએ જણાવ્યુ કે ડ્રગ્સ મુંબઈના ચીરાગ પટેલ નામના શખ્સ પાસેથી મેળવ્યુ હતું. ત્યારે પોલીસે આરોપી ચીરાગ પટેલને આ કેસમાં ફરાર દર્શાવી બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી મનપા મયુર પુલ અને ઓમ શાંતિ વિદ્યાલય ખાતે રંગોળી સ્પર્ધા યોજશે

## દિવાળી નિમિત્તે શહેરના નાગરિકોમાં કલાત્મક અભિવ્યક્તિને પ્રોત્સાહન આપવા આયોજિત આ રંગોળી સ્પર્ધામાં તમામ વયજૂથના સ્પર્ધકો ભાગ લઈ શકશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા દિવાળીના પાવન અવસર નિમિત્તે શહેરના નાગરિકોમાં કલાત્મક અભિવ્યક્તિને પ્રોત્સાહન આપવા તેમજ દિવાળીના ઉત્સવને રંગીન અને સૌહાર્દપૂર્ણ બનાવવાના હેતુથી રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્પર્ધાનું આયોજન રવિવાર, તારીખ ૧૯/૧૦/૨૦૨૫ના રોજ સાંજે ૩.૦૦ થી ૬.૦૦ કલાક દરમિયાન કરવામાં આવનાર છે. સ્પર્ધા માટે બે સ્થળો નિર્ધારિત કરવામાં આવ્યા છે, જેમાં મયુર બ્રીજ પર રોટરી ક્લબ અને મહાનગરપાલિકા તેમજ ઓમ શાંતિ વિદ્યાલયમાં લાયન્સ ક્લબ અને મહાનગરપાલિકા દ્વારા સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે. નાગરિકોને આ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા માટે મોરબી મહાનગરપાલિકા તરફથી અનુરોધ કરવામાં આવે છે. આ સ્પર્ધામાં તમામ વય જૂથના નાગરિકો ભાગ લઈ શકે છે, જેથી નાના બાળકોથી લઈને વરિષ્ઠ નાગરિકો સુધી સૌ કોઈ પોતાની સર્જનાત્મકતા પ્રદર્શિત કરી શકશે. શ્રેષ્ઠ રંગોળીની કૃતિઓને મહાનગરપાલિકા તરફથી ઇનામ આપવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ઉપરાંત, ભાગ લેનાર તમામ સ્પર્ધકોને મોરબી મહાનગરપાલિકા દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવશે. મોરબી મહાનગરપાલિકા સૌ નાગરિકોને આ દિવાળીને સર્જનાત્મકતા, સૌહાર્દ અને રંગોની ઉજાસ સાથે ઉજવવા અપીલ કરે છે. આ ઉપરાંત મોરબી મહાનગરપાલિકા દ્વારા પણ વિવિધ જગ્યાઓ પર રંગોળીઓ કરવામાં આવશે. આ સ્પર્ધામાં રજીસ્ટર કરવા માટે ૧. મયુર પુલ ખાતે રંગોળી સ્પર્ધામાં ભાગ લેવા માટે (૧) રસેશભાઈ મહેતા - ૯૮૯૮૦૭૧૪૭૫ તથા (૨) બંસીબેન શેઠ - ૯૩૭૬૬૫૨૩૬૦ અને ઓમ શાંતિ વિદ્યાલય ખાતે રંગોળી સ્પર્ધામાં ભાગ લેવા માટે (૧) ચંદ્રિકાબેન પલાણ- ૯૧૦૬૮ ૭૭૧૪૮, (૨) અલ્પાબેન કક્કડ - ૯૦૨૩૧ ૦૪૪૪૬ તથા (૩) ભારતીબેન રાચ્છ- ૯૦૯૯૩ ૪૭૭૩ નો સંપર્ક કરવા મોરબી મહાનગરપાલિકાની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટના રેશનિંગ દુકાનદારોની હડતાલની ચીમકી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

છેલ્લા એક સપ્તાહથી રાજકોટમાં પુરવઠા વિભાગના સર્વરની સમસ્યા જોવા મળે છે. જેને કારણે દુકાનદારો અને રાશનકાર્ડ ધારકો વચ્ચે ઘર્ષણ, બોલાચાલીના બનાવો બને છે. રાશનકાર્ડધારકોને પોતાને મળવાપાત્ર રાશન લેવા માટે હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે. આ સિવાય કેટલીક માંગણી નહીં સંતોષાતા રાશનકાર્ડના વેપારીમાં રોષની લાગણી જોવા મળે છે. અનેક વખત રજૂઆત કરવા છતા કોઈ નિરાકરણ નહિ આવતા રેશનિંગ દુકાનદારોએ હડતાલની ચીમકી ઉચ્ચારી છે.

# જામનગર જામ્યુકોની ત્રણ ટીપી સ્કીમ દરખાસ્ત મંજુર



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં ટીપી સ્કીમ નં.૩૫, ૩૬ અને ૩૮નો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ કલમ ૪૧ (૧) હેઠળ ઈરાદો જાહેર કરવાની દરખાસ્ત મંજુર કરવામાં આવી હતી, પરંતુ વિપક્ષે આખરી ટીકા કરતા જણાવ્યું હતું કે, આ ટીપી સ્કીમોમાં કોઇ એક ચોકકસ બિલ્ડરને લાભ ન મળે અને બધુ નિયમ મુજબ થાય તેવી અમારી માંગણી છે. અગાઉ કેટલીક સ્કીમો સરકારે પાછી મોકલી છે, ૧૦ નંબરની ટીપી સ્કીમના હજુ કોઇ ઠેકાણા નથી ત્યારે ઝડપથી આ સ્કીમ પણ લાગુ પડે તેવા પ્રયાસો કરવા જોઇએ. આગામી દિવાળી બાદ જામનગરને સૌરાષ્ટ્રના લાંબામાં લાંબા ફલાય ઓવરબ્રિજની ભેટ મળશે તેમ મેયરે કહ્યું હતું.જામનગર મહાપાલીકાની જનરલ બોર્ડની મીટીંગ મેયર વિનોદ ખીમસુરીયાના અધ્યક્ષ સ્થાને મળી હતી જેમાં મોસદારૂપ નગર યોજના નં.૩૫, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ કલમ ૪૧ (૧) હેઠળ ઈરાદો જાહેર કરવા, કમિશ્નરની દરખાસ્ત નં.જેએમસી, ટીપીડીપી ૨૯/૪૭૯ ૨૦૨૫-૨૬, તા.૭-૧૦-૨૦૨૫ અન્વયે નિર્ણય થવાની દરખાસ્ત તેમજ ટીપી સ્કીમ નં.૩૬ જેએમસી/ટીપીડીપી અને ટીપી સ્કીમ નગર રચના યોજના નં.૩૮ જેએમસી ટીપીડીપી ૨૯/૪૮૧ ૨૦૨૫ હેઠળ ઈરાદો જાહેર કરવા મ્યુ.કમિશ્નરની દરખાસ્ત મંજુર કરવામાં આવી હતી.વિપક્ષના નગરસેવીકા જૈનબ ખફીએ જણાવ્યું હતું કે, હજુ ટીપી સ્કીમ નં.૧૦ મંજુર થઇ નથી અને ટીપી સ્કીમમાં એક ચોકકસ બિલ્ડરને લાભ આપવામાં આવે છે તેવો પણ આક્ષેપ કર્યો, આ અંગે મ્યુ.કમિશ્નરે સ્થળ ઉપર જઇને તપાસ કરવાની જરૂ છે, વિપક્ષી નેતા ધવલ નંદાએ કહ્યું હતું કે, શહેરના વિવિધ વિસ્તારમાં વિકાસ થાય, લોકોના વિકાસના કામ થાય, ગાંધારીની જેમ પાટા બાંધીને આ યોજના ૫ થી ૬ વર્ષ થયા હજુ સુધી અમલમાં આવી નથી, કોઇ બિલ્ડરને કમાવવાની આ યોજના છે ? ટીપી સ્કીમ નં.૩૬માં કોઇક બિલ્ડરને ફાયદો કરાવાની યોજના છે તેવો પણ આક્ષેપ કર્યો હતો, આ સ્કેન્ડર થાય છે, ખરી રીતે તો બધી પુર્તતા કરીને ૧૪ મહીનામાં ટીપી સ્કીમ પાસ થઇ જવી જોઇએ.કોર્પોરેટર અલ્તાફ ખફીએ જણાવ્યું હતું કે, ટીપી સ્કીમ ૩૫, ૩૬, ૩૮ આપણે લાવ્યા છીએ, તે ડેવલોપ કરવાની જવાબદારી આપણી છે, ટીપી સ્કીમ ૧૦ સરકારમાંથી શા માટે મંજુર થઇ નથી ? ૫ ટીપી કેન્સલ થઇ છે અને એક ઝાંટકે ટીપી સ્કીમ મંજુર થાય તેવું કાંઇક કરો, તેના જવાબમાં સીટી ઈજનેર ભાવેશ જાનીએ જણાવ્યું હતું કે, ટીપી સ્કીમ નં.૫ કેન્સલ થઇ નથી, ઉપરાંત ટીપી સ્કીમ નં.૧૦ હવે થોડા સમયમાં જ કલીયર થઇ જશે જયારે ટીપી સ્કીમ નં.૭ અને ૯ કેન્સલ થઇ છે.જામનગરમાં સૌથી લાંબા ફલાય ઓવરબ્રિજની શહેરીજનોને દિવાળીની ભેટ આપવા માંગો છો કે કેમ ? તે અંગેના અલ્તાફ ખફીના પ્રશ્નના જવાબમાં મેયર વિનોદ ખીમસુરીયાએ કહ્યું હતું કે, થોડુ કામ બાકી હોય દિવાળી બાદ આ ફલાય ઓવરબ્રિજ લોકોને ભેટ મળશે. અસ્લમ ખીલજીએ જણાવ્યું હતું કે, કોર્પોરેશનમાં અધિકારીઓ ઉપર કામનું વધુ ભારણ છે, કેટલાક અધિકારીને ત્રણથી ચાર ચાર્જ સોંપવામાં આવ્યા છે, એક અધિકારીને એક જ ચાર્જ આપવામાં આવે તો કામગીરી સરળ બને. કેન્દ્ર સરકાર દ્વારા આગામી દિવસોમાં જામનગર કોર્પોરેશનને ૫૦ ઈલેકટ્રીક બસ આપવામાં આવનાર છે, જેના માટે કમીટી બનાવી છે જેમાં એસપી અને આરટીઓનો સમાવેશ થાય છે ત્યારે શાસક પક્ષના નેતા આશીષ જોશીએ એવી માંગ કરી હતી કે, આ પ્રકારની કમીટીમાં હોદાની એ મેયર અને ચેરમેનની પણ નિમણુંક થવી જોઇએ.આ જનરલ બોર્ડમાં અધિકારીઓ અને કર્મચારીઓને જુની પેન્શન યોજનાનો લાભ આપવાની દરખાસ્ત સર્વાનુમતે મંજુર થઇ હતી જયારે જામનગર મહાપાલીકા દ્વારા સેટઅપમાં સુધારા અંગે મ્યુ.કમિશ્નરની દરખાસ્ત પણ મંજુર કરવામાં આવી હતી તેમજ ફુડ શાખા દ્વારા વસ્તીને ધ્યાનમાં લઇને સિનીયર ફુડ સેફટી ઓફીસર અને ડેઝીગ્રેટેડ ઓફીસરની પોસ્ટ ઉભી કરવાની દરખાસ્ત પણ મંજુર કરવામાં આવી હતી. સભાના પ્રારંભમાં વોર્ડ નં.૨ના પૂર્વ કોર્પોરેટર દિલીપસિંહ જાડેજાનું નિધન થતાં તેમના માનમાં બે મીનીટનું મૌન પાડવામાં આવ્યું હતું.

# જામનગરમાં ઓપરેશન સિંદૂરની થીમ પર રંગોળી...




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના વાલકેશ્વરી વિસ્તારમાં રહેતા અને છેલ્લા ૧૪ વર્ષથી અલગ અલગ થીમ ઉપર રંગોળી બનાવનાર રિદ્ધિબેન શેઠે આ વર્ષે શોર્ય થીમ અંતર્ગત વનનેસન વન ફ્લેમ થીમ અંતર્ગત હેઠળ આ આકર્ષણ રંગોળીનું નિર્માણ કર્યું હતું જેનું ઉદ્દઘાટન બ્રિગેડિયર અજીશ જોસેફ હસ્તે કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ રંગોળી બનાવતા તેમને દસ દિવસની મહેનત લાગી હતી. દરરોજ દિવસમાં આઠ-આઠ કલાક સમય આપીને આ રંગોળી બનાવી હોવાનું જણાવ્યું હતું. પહેલગામ હુમલામાં ૨૬ નિર્દોષ ભોગ બનેલાઓને આ રંગોળી દ્વારા તેમને શ્રદ્ધાંજલિ અર્પી હોવાનું જણાવ્યું હતું.

# મોરબી જીલ્લામાં અપમૃત્યુના ચાર બનાવોમાં સગીરા સહિત ચારના મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં એક જ દિવસ દરમિયાન અલગ અલગ ચાર અપમૃત્યુના બનાવો બન્યા હતા. જેમાં મોરબી શહેર, બગથળા, અમરેલી અને વાંકાનેર વિસ્તારોમાં બનેલ અલગ અલગ બનાવોમાં સગીરા સહિત ચાર વ્યક્તિઓના મોત થયા હતા. પોલીસે સંબંધિત પોલીસ મથકે અ.મોત અંગેની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

પ્રથમ અપમૃત્યુના બનાવમાં મોરબી શહેરમાં પ્રસૃતિ દરમ્યાન મહિલાનું મોત થયું હતું, જે અંગેની વિગતો મુજબ, મોરબી રણછોડનગરમાં નશીમબેન રમજાનભાઇ રજાકભાઇ ઉવ.૩૦ પ્રસૃતિ માટે દાખલ હતા. ડીલેવરી દરમ્યાન ઓપરેશન બાદ સારવાર દરમ્યાન તેનું મોરબી સિવિલ હોસ્પિટલમાં મોત થયું હતું. ત્યારે હાજર મેડિકલ ઓફિસરે પોલીસને જાણ કરતા બી ડિવિઝન પોલીસે અ.મોતની નોંધ કરી છે.

બીજા અપમૃત્યુના બનાવમાં મોરબી તાલુકાના બગથળા ગામે બબીકાનગર સોસાયટીમાં રહેતા રહેવાસી શોભાબેન ઉર્ફે વર્ષાબેન જસમતભાઇ મકવાણા ઉવ.૨૭ નામની સગીરા પોતાના ઘરમાં સફાઈ કરતી વખતે માળીયા ઉપરથી નીચે પટકાતા માથામાં ગંભીર ઇજા પહોંચી હતી. તેને મોરબી અને બાદમાં રાજકોટ સીવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં સારવ-ાર દરમ્યાન તેનું મૃત્યુ થયું હતું.

અપમૃત્યુના ત્રીજા બનાવમાં મોરબી તાલુકાના અમરેલી ગામે રહેતા દિવાળીબેન ધરમશીભાઇ ઝંઝવાડીયા ઉવ.૭૭ ગઈ તા.૨૮ સપ્ટેમ્બરે ઘરે પડી જતા ઇજા પામી હતી. તેમને મોરબીની સમર્પણ હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે રાજકોટ સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ૦૪ ઑક્ટોબરે સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું. હાલ સમગ્ર મૃત્યુના બનાવ અંગે તાલુકા પોલીસે મૃતકના પુત્ર પાસેથી પ્રથમીમ વિગતો મેળવી અ.મોતની નોંધ કરી હતી.

આ ઉપરાંત અપમૃત્યુના ચોથા બનાવની મળતી વિગતો મુજબ, વાંકાનેરમાં હૃદયરોગના હુમલાથી મજૂરનું મોત થયું અંગેની વિગતો મુજબ, વાંકાનેરના હનસપર ગામે રહેતા નવીનચન્દ્રભાઇ ચનાભાઇ દાદરેચા ઉવ.૪૫ પોતાના ઘરે જમવા માટે આવ્યા બાદ બજાર પાસે ઉભા હતા ત્યારે અચાનક હાર્ટ એટેક આવતાં તેમનું મોત નિપજ્યું હતું. હાલ વાંકાનેર સીટી પોલીસે અ. મોત રજીસ્ટર કરી આગળની તપાસ ચલાવી છે.

# હળવદના માથક ગામે વાડીએ કારમાંથી વિદેશી દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો, આરોપી ફરાર

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ પોલીસે પૂર્વ બાતમીને આધારે માથક ગામની સીમમાં આવેલ વાડીએ રેઇડ કરતા જ્યાં વાડીમાં પાર્ક કરેલ સ્વીફ્ટ કારમાંથી વિદેશી દારૂની ૧૨ બોટલ તથા બિયરના ૨૧૬ ટીન જેની કુલ કિ.રૂ.૬૩,૧૨૦/- મળી આવતા, પોલીસે કાર અને વિદેશી દારૂ-બિયરનો જથ્થો કબ્જે લીધો હતો. રેઇડ દરમિયાન આરોપી હાજર નહિ મળી આવતા તેને ફરાર દર્શાવી આગળની તપાસની તજવીજ શરૂ કરી છે.

મળતી માહિતી અનુસાર, હળવદ પોલીસ ટીમને બાતમી મળી કે માથક ગામે રહેતો બુટલેગર પિન્ટુ બોરાણીયાએ માથક ગામની સીમમાં વાઘજીભાઈ કોળીની વાડીએ પોતાના હવાલા વાળી એક કારમાં વિદેશી દારૂ -બિયરનો જથ્થો વેચાણના આશયે સંગ્રહ કરીને રાખ્યો છે, જેથી તુરંત હળવદ પોલીસ ટીમે ઉઓરોકટ વાડીએ રેઇડ કરતા જ્યાં વાડીની અંદર સ્વીફ્ટ કાર રજી.ન. જીજે-૩૬-એફ-૧૫૦૮ પાર્ક કરેલ હતી, જેમાં તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂ રોયલ ચેલેન્જની ૧૨ નંગ બોટલ કિ.રૂ.૧૫,૬૦૦/- તથા કિંગફિશર બિયરના ૨૧૬ નંગ ટીન કિ.રૂ.૪૭,૫૨૦/-એમ કુલ કિ.રૂ.૬૩,૧૨૦/-નો જથ્થો મળી આવ્યો હતો. રેઇડ દરમિયાન આરોપી પિન્ટુ અશોકભાઈ બોરાણીયા રહે. માથક ગામ તા.હળવદ વાળો હાજર મળી ન આવતા તેને વોન્ટેડ જાહેર કર્યો છે, આ સાયહે હળવદ પોલીસે કાર, દારૂ-બિયરના જથ્થા સહિત કુલ રૂ.૩,૬૩,૧૨૦/-નો મુદ્દામાલ કબ્જે લઈ આરોપી વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.

# મોરબી નજીક અજાણી સ્ત્રીની હત્યા બાદ લાશ સળગાવવાના કેસનો ભેદ ઉકેલાયો, એક આરોપીની અટકાયત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના આંદરણા ગામ નજીક સળગાવેલ હાલતમાં મળી આવેલી અજાણી સ્ત્રીની લાશના વણશોધાયેલા હત્યાના કેસનો મોરબી એલ.સી.બી. અને પેરોલ ફર્લો સ્કવોડે ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસે એક આરોપી નાનેશ્વર પંડેરી પંવારને ઝડપી લીધો છે જ્યારે અન્ય બે સહઆરોપીઓ ફરાર છે.

તા. ૧૩ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ મોરબી તાલુકાના આંદરણા ગામની સીમમાં બિસ્કોઈન કારખાનાની સામે હળવદ-મોરબી હાઈવે પર હરખજીભાઈ કુંડારીયાના ખેતર પાસે સળગાવેલ હાલતમાં એક અજાણી સ્ત્રીની લાશ મળી આવી હતી. આ મામલે મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા આરોપી વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધાયો હતો. મૃતક સ્ત્રીની ઓળખ મેળવવા તેમજ હત્યારા આરોપીઓને પકડી લેવા જીલ્લા પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. તથા પેરોલ ફર્લો સ્કોડની ટીમે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. ટેકનિકલ સર્વેલન્સ, સી.સી.ટી.વી. ફૂટેજ, મોબાઇલ લોકેશન તથા ખાનગી બાતમીના આધારે પોલીસે ગણતરીના દિવસોમાં ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો હતો.

આ હત્યા કેસમાં એલસીબી/પેરોલ સ્કોડ ટીમે પીપળી ગામ રોડ નજીકથી નાનેશ્વર પંડેરી પંવાર ઉવ. ૪૧ રહે. શિવપાર્ક પીપળી મોરબી મૂળ મહારાષ્ટ્ર વાળાને પકડી પાડ્યો હતો. તેની પુછપરછ દરમ્યાન તેણે ગુનાની કબૂલાત આપતા જણાવ્યું કે, મોરબી ખાતે બે પુત્ર પત્ની અને સાસુ સાથે રહેતા હોય ત્યારે તેમની સાસુ તેમના પુત્રો અને પત્ની સાથે વારંવાર થતી તકરાર અને મનદુખના કારણે, તેણે પોતાના મિત્ર રાહુલ ડામોર (રાજસ્થાન) તથા તેના એક મિત્ર સાથે મળીને આ હત્યાનો પ્લાન બનાવ્યો હતો. ત્રણે મળીને રાત્રે ઘરમાં સુતા સમયે સાસુને ગળે ટૂંકો આપી હત્યા કરી, પછી લાશને કોથળામાં મૂકી હળવદ-મોરબી રોડ પર લઈ જઈ પેટ્રોલ છાંટી સળગાવી પુરાવાનો નાશ કર્યો હતો. પોલીસે પકડાયેલ આરોપી પાસેથી હીરો હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ રજી.નં. જીજે-૦૧-ડીએન-૨૭૨૧ કિ.રૂ.૫૦ હજાર તથા મોબાઇલ ફોન કિ.રૂ.૫ હજાર મળી કુલ રૂ.૫૫ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

હાલ પોલીસે આરોપી નાનેશ્વર પંડેરી પંવાર/પાટીલ ઉવ.૪૧ રહે. શિવપાર્ક પીપળી મોરબી મુળરહે. કલમસરા તા. પાચોરા જી. જલગાવ (મહારાષ્ટ્ર)વાળાની આ હત્યા કેસમાં અટક કરી છે , જ્યારે આરોપી રાહુલ ડામોર રાજસ્થાન વાળો અને તેનો મિત્રને ફરાર દર્શાવી પોલીસે તેને ઝડપી લેવા માટે શોધખોળ શરૂ કરી છે.

# ''મિશન શક્તિ યોજના'' હેઠળ થીમ આધારિત વિવિધ જાગૃતિ કાર્યક્રમ યોજાયા

## મહિલાઓને મેન્ટલ હેલ્થ જાળવી રાખવા માર્ગદર્શન આપાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મહિલા સશક્તિકરણ માટે સંકલિત સેવાઓ પૂરી પાડતી મિશન શક્તિ પહેલના ભાગ રૂપે જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, રાજકોટના ઉપક્રમે ''સંકલ્પ ડીસ્ટ્રીકટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન'' (DHEW) દ્વારા SBI RSETI રાજકોટ ખાતે જવેલરી મેકિંગ અને ફાસ્ટ ફૂડ અંગે તાલીમ મેળવી રહેલ બહેનોને મેન્ટલ હેલ્થ કેવી રીતે તંદુરસ્ત રાખી શકે તે અંગે માહિતગાર કરવામાં આવી હતી.

ડીસ્ટ્રીકટ મિશન કો ઓર્ડીનેટર જેવીના માણાવદરીયાએ રોજિંદા જીવનમાં નોકરી કે ઉદ્યોગ કરતી મહિલાઓએ પોતાની મેન્ટલ હેલ્થ જાળવી રાખવા માટે માર્ગદર્શન આપ્યું હતું. તાલીમાર્થી બહેનોને વિવિધ એક્ટિવિટી કરાવીને તણાવ મુક્ત રહેવાની પધ્ધતિ શીખવી હતી.

# એન્ટી હ્યુમન ટ્રાફિકકિંગની ટીમે નાશીકથી અપહુત સગીરાને છોડાવી પરીવારને સોંપી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા પિતાએ પોતાની સગીરવયની દિકરીને કોઇ અજાણ્યો શખ્સ લગ્નની લાલચ આપી બદકામના ઈરાદે અપહરણ કરી ગયાની ફરીયાદ આજીડેમ પોલીસમાં નોંધાયા બાદ આ તપાસ એન્ટી હ્યુમન ટ્રાફિકકિંગની ટીમને સોંપવામાં આવતા પીઆઇ બી.એમ.જણકાટની સુચનાથી પીએસઆઇ કે.એમ.ગોસ્વામી, હેડ કોન્સ. હરસુખભાઇ, કોન્સ. હસમુખભાઇ સહિતના સ્ટાફે તપાસ હાથધરી મહારાષ્ટ્રના નાસીકમાં સગીરા હોવાની હકિકત મળતા પોલીસની ટીમ દોડી જઇ સગીરાને મુક્ત કરાવી પરિવારને સોંપી હતી.

# હળવદના નવા દેવળીયા ગામ નજીક આર્ટિગા કારની હડફેટે બાઇક ચાલકનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના નવા દેવળીયા ગામના પાટીયા નજીક હાઈવે ઉપર વધુ એક માર્ગ અકસ્માતના બનાવમાં કાર ચાલકે પોતાની કાર ફૂલ સ્પીડમાં ચલાવી મોટર સાયકલને ઠોકરે ચડાવતા, મોટર સાયકલ ચાલક પ્રૌઢનું મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માતની આ ઘટના બાદ કાર ચાલક પોતાની કાર સ્થળ ઉપર મૂકીને નાસી ગયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ, હળવદ તાલુકાના નવા દેવળીયા ગામે રહેતા પ્રવીણભાઈ શામજીભાઈ વરમોરા ઉવ.૫૧ વાળા ગઈકાલ તા ૧૭/૧૦ના રોજ વહેલી સવારે છ વાગ્યાની આસપાસ સ્પ્લેન્ડર રજી.નં. જીજે-૩૬-જે-૬૧૩૯ લઈને ખેતરે મજૂરોને ચલાખા આપી ઘરે પરત આવી રહ્યા હતા, ત્યારે માળીયા-હળવદ રોડ ઉપર નવા દેવળીયા ગામના પાટીયા પાસે રોડની કટ પાસે પહોંચ્યા તે દરમિયાન ફૂલ સ્પીડે અને બેદરકારીથી ચલાવીને આવતા આર્ટિગા કાર રજી.નં. જીજે-૧૦-ટીવાય-૮૧૦૧ના ચાલકે પ્રવિણભાઇના મોટરસાયકલને ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો, અકસ્માતમાં પ્રવિણભાઈને માથામાં ગંભીર ઇજાઓ પહોચતા તેઓનું મૃત્યુ નિપજ્યું હતું. ત્યારે અસમાત્મા મૃત્યુ બાબતે મૃતકના પુત્ર હિરેનકુમાર પ્રવીણભાઈ વરમોરા એ હળવદ પોલીસ મથકમાં કાર ચાલક સામે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બ્રહ્મસમાજનું રાજકીય અસ્તિત્વ ભૂંસી નાખવાનું ભાજપનું ષડયંત્રઃ તુષિત પાણેરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત રાજ્ય મા ૬૫ લાખ થી વધુ વસ્તી ધરાવતો વહીવટી કુશળતા સાથે સૌમ્ય અને ઉચ્ચ શિક્ષિત ગણાતો તેમજ ભારતીય જનતા પાર્ટી ને મહદંશે વફાદાર રહેલા બ્રાહ્મણ સમાજ ને નવા મંત્રી મંડળ મા પૂરતું સન્માનજનક પ્રતિનિધિત્વ ન આપીને ભારતીય જનતા પાર્ટી એ બ્રહ્મસમાજ ની ઉપેક્ષા કરી છે , બ્રહ્મસમાજ ની હાંસી ઉડાવી છે . . અગાઉ પણ ભારતીય જનતા પાર્ટી ના શીર્ષસ્થ નેતૃત્વ એ ભાજપ ના વરિષ્ઠ નેતા , ગુજરાત ના પુર્વ મહેસૂલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી સાહેબ ને રાતોરાત મંત્રી પદ માંથી બરખાસ્ત કરી દીધા હતા , ત્યારે પણ બ્રહ્મસમાજ અપમાનિત થયો હોવા છ્તા મૌન રહ્યો હતો તેમ સૌરાષ્ટ્ર કચ્છ કોંગ્રેસના પ્રવક્તા તુષિત પાણેરીએ જણાવ્યું હતું

તેમણે કહ્યું કેભારતીય જનતા પાર્ટી નો ઈરાદો બ્રહ્મસમાજનું રાજકીય અસ્તિત્વ ખતમ કરવાનો છે , વર્ષ ૨૦૦૧ થી ૨૦૧૦ ના ગાળા દરમિયાન ગુજરાત ભાજપના દિગ્ગજ બ્રાહ્મણ નેતાઓ સાથે જે કઈ થયું તે મારી કહેલી ઉપરોક્ત તમામ વાતની સત્યતાની સાબિતી પૂરે છે ત્યારે એક બ્રાહ્મણ ના દીકરા તરીકે હું મારા બ્રહ્મસમાજ ના સર્વે શ્રેષ્ઠીઓ વડીલોને નમ્ર વિનંતી કરું છું કે હવે સમજી જવાનો સમય આવ્યો છે , ભ્રામક હિન્દુવાદ મા આવી જઈને ભાજપ તરફ ઢળી જવું એ રાજકીય રીતે આપઘાત વ્હોરી લીધો ગણાશે. ભણેલા ગણેલા સક્ષમ શિક્ષિત બ્રાહ્મણોના યુવા નેતાઓને ટેકો કરી આપણા બ્રહ્મસમાજનું રાજકીય અસ્તિત્વ ટકાવવું અનિવાર્ય છે.

# રંગીલું રાજકોટ રોશનીથી ઝગમઝી ઉઠ્યુંઃ દિપાવલિ નિમિત્તે મહાનગરપાલિકા દ્વારા વિવિધ આયોજનો





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રોશનીનો તહેવાર એટલે દિવાળી, ખુશીઓનો વરસાદ એટલે દિવાળી, પરિજનો સંગાથે દિવાળીનાં તહેવારની ઉજવણી આપણા સૌ માટે ખૂબ વિશેષ મહત્વ ધરાવે છે. આ પર્વને વધુ યાદગાર બનાવવા માટે રંગીલા રાજકોટમાં મહાનગરપાલિકા દ્વારા દર વર્ષે દિવાળી કાર્નિવલનું આયોજન કરવામાં આવે છે, જેમાં રાજકોટનાં હાર્દ સમા રેસકોર્સ આસપાસનાં રોડને સુંદર રોશનીથી શણગારવામાં આવે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ વર્ષે તા. ૧૬થી ૨૦ ઓક્ટોબર દરમિયાન રેસકોર્સ ખાતે ''સ્વચ્છ-હરિયાળું-રંગીલુ રાજકોટ દિવાળી ઉત્સવ''નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રંગોળી સ્પર્ધા, લેસર શો, આતશબાજી કાર્યક્રમ, મ્યુઝિકલ શો સહિતનાં કાર્યક્રમો યોજાશે. આ કાર્નિવલ અન્વયે દરરોજ રાત્રે ૧૨ વાગ્યા સુધી રાજકોટવાસીઓ થીમ બેઇઝ્ડ લાઇટિંગ ડેકોરેશન જોઇ શકશે. રાજકોટની કલાપ્રેમી જનતા માટે રંગોળી સ્પર્ધા દર વર્ષે આકર્ષણનું કેન્દ્ર બની રહે છે ત્યારે તા. ૧૭ ઓક્ટોબરનાં રોજ આ સ્પર્ધા યોજાઇ છે, જેમાં વિવિધ થીમ આધારિત રંગબેરંગી રંગોળી જોવા રાજકોટવાસીઓ ઉમટી પડ્યા છે. ઉપરાંત તા. ૧૮નાં રોજ માધવરાય સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે આતશબાજીનું પણ આયોજન કરાયું છે. રંગોળી સ્પર્ધામાં રાજકોટની કલાપ્રેમી જનતા હોંશેહોંશે ભાગ લેવા ઉમટી પડી હતી.

# ''ભાઈબીજ'' તહેવાર નિમિતે બહેનો બીઆરટીએસમાં નિશુલ્ક મુસાફરી કરી શકશે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ અને શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા ''ભાઈબીજ''ના પવિત્ર તહેવાર નિમિતે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કાર્યરત સિટી બસ અને બી.આર.ટી.એસ. બસ સેવા દર વર્ષની પરંપરા મુજબ બહેનો/મહિલાઓ માટે નિશુલ્ક રહેશે તે અંગેની જાહેરાત કરતા જણાવે છે કે, ભારત તહેવારોનો દેશ છે. તેમાં અનેક તહેવારોની ઉજવણી થાય છે. આપણે ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રીય તહેવારો ઉજવીએ છીએ. તેમાં ભાઈબીજનો તહેવાર આવે છે. ભાઈબીજ એટલે ભાઇ-બહેનનો તહેવાર છે. ભાઈબીજ કારતક માસના બીજના દિવસે આવે છે.

રાજકોટ મહાનગરપાલિકાહસ્તકની એસ.પી.વી. રાજકોટ રાજપથ લિ. દ્વારા શહેરના નાગરિકોને શહેરી પરિવહન બસ સેવા પુરી પાડે છે. રાજકોટ મહાનગરપાલિકાદ્વારા દર વર્ષની પરંપરા મુજબ આગામી તા.૨૩/૧૦/૨૦૨૫,ગુરૂવારના રોજ ભાઈબીજના પવિત્ર તહેવાર નિમિતે સિટી બસ સેવા અને બી.આર.ટી.એસ. બસ સેવા બહેનો/મહિલાઓ માટે નિશુલ્ક મુસાફરીની ભેટ આપે છે. ''ભાઈબીજ''ના પવિત્ર તહેવારના દિવસે કોઈપણ રૂટ પર, ગમે તેટલી વખત ફક્ત બહેનો/મહિલાઓ નિશુલ્ક મુસાફરી કરી શકશે. જયારે પુરુષોએ મુસાફરી દરમ્યાન રાબેતામુજબ જ નિયત દરની ટીકીટ લેવાની રહેશે.

રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયરનરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ અને શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા દ્વારા રાજકોટ મહાનગરપાલિકાની ''ભાઈબીજ''ના પાવન પર્વ નિમિતે બી.આર.ટી.એસ. બસ તથા સિટી બસની નિશુલ્ક સેવાની અનોખી ભેટનો મહતમ લાભ લેવા બહેનો/મહિલાઓને ખાસઅપીલ કરવામાં આવે છે અને ''ભાઈબીજ''ના પવિત્ર તહેવારની શુભેચ્છા પાઠવે છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# દેવકીનંદન સોસાયટીમાં ૧૨.૫૨૦ કિલોગ્રામ ગાંજા સાથે એકની ધરપકડ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના માંડાડુંગર વિસ્તારમાં આવેલ દેવકીનંદન સોસાયટીમાંથી ૧૨.૫૨૦ કિલોગ્રામ ગાંજાના જથ્થા સાથે પોલીસે એક શખસને દબોચી લીધો હતો. તપાસમાં આ જથ્થો પકડાયેલ આરોપીનો પુત્ર લઈ આવ્યો હોવાનું સામે આવ્યું હતું પોલીસે ફરાર યુવકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

આ અંગે જાણવા મળતી વિગતો મજુબ, આજીડેમ ચોકડી પાસે માંડાડુંગર નજીક દેવકીનંદન સોસાયટીમાં રહેતો વકીલસિહ રામદરતસિહએ પોતાના રહેણાંક મકાનમાં ગાંજાનો જથ્થો રાખ્યો હોવાની બાતમી આજીડેમ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ પિયુષ ચિરોડિયા અને ગોપાલ બોળીયાને મળતા પીઆઈ એ.બી.જાડેજા તેમજ પીએસઆઈ જે.જી. રાણાના માર્ગદર્શન હેઠળ ટીમે દરોડો પાડયો હતો. આરોપીના મકાનની તલાસી લેતા એક રૂમમાં રાખેલ શંકાસ્પદ સૂકા પાંદડા જેવો પદાર્થ મળી આવ્યો હતો. જે પદાર્થનું પરીક્ષણ કરતા ગાંજો હોવાનું માલુમ પડ્યું હતું. પોલીસે આ ગાંજાનો વજન કરતા ૧૨.૫૨૦ કિલોગ્રામ (કિમત ૧.૨૫ લાખ) હોવાનું સામે આવ્યું હતું. પોલીસે ગુજર ગાંજોનો કબ્જે કરી આરોપી વકીલસિહની ધરપકડ કરી હતી.

પોલીસ સુત્રો પાસેથી જાણવા મળ્યા મુજબ, આરોપી વકીલસિહ મૂળ બિહારનો વતની હતો અને અહીં રહી શાકભાજીનો વ્યવસાય કરતો ત્યારે પૂછપરછમાં તેણે આ જથ્થો તેનો પુત્ર પ્રિન્સ લાવ્યો હોય તેવું રટણ કર્યું હતું. પોલીસે ગાંજાના કેસમાં ફરાર આરોપીની શોધખોળ હાથ ધરી છે.

# રાજકોટમાં અજાણ્યા કાર ચાલકે ઉપલેટાના તલાટી મંત્રીને ઠોકરે ચડાવ્યા

## ઈજાગ્રસ્તના પોલીસકર્મી ભાઈએ ફરિયાદ નોંધાવતા કાર ચાલકની શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નાણાવટી ચોક પાસે અજાણ્યાં કાર ચાલકે ઉપલેટામાં ફરજ બજાવતાં તલાટી મંત્રીને હડફેટે લેતાં માથામાં ગંભીર ઈજા પહોંચી હતી અને સારવારમાં ખસેડાયા હતાં. બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. વધુ વિગતો મુજબ, રેલનગરમાં સાધુ વાસવાણી કુંજ રોડ પર રહેતાં સામતભાઈ મુળજીભાઈ ગઢવી (ઉ.વ.૪૭) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અજાણ્યાં કાર ચાલકનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ એ ડિવીજન પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સટેબલ તરીકે ફરજ બજાવે છે. તેમના મોટાભાઈ દેવાંધભાઈ મૂળજીભાઈ ગઢવી (ઉ.વ.૪૯) જે એક્સ એક્સ આર્મીમન છે અને હાલ ઉપલેટા તાલુકામાં તલાટી મંત્રી તરીકે નોકરી કરે છે અને તેઓ રેલનગરમાં જ રહે છે ગઈકાલ રાત્રિના સાડા આઠેક વાગ્યાની આસ પાસ તેમને ભત્રીજા કિશનનો ફોન આવેલ કે, મારા પપ્પા દેવાંધભાઈ રાત્રિના આઠેક વાગ્યાની આસપાસ ૧૫૦ ફૂટ રીંગ રોડ પરથી ઘરે આવતા હતા ત્યારે નાણાવટી ચોક પાસે તેમનું બુલેટ ચલાવી એકલા આવતા હતા ત્યારે કોઈ અજાણી કારે તેમના બુલેટને સાઈડમાંથી હડફેટમાં લેતા તેઓ પડી ગયેલ અને માથે- મોઢે ઈજા થતા તેમને ૧૦૮ માં સીવીલ હોસ્પિટલમાં સારવારમાં લાવેલ છે. જેથી તેઓ તુરંત જ સરકારી હોસ્પિટલે ગયેલ અને ભાઈને માથાના ભાગે ઈજા થતાં ચારેક ટાંકા આવેલ હતાં. જે બાદ તેઓના ભાઈને વધું સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમોં ખસેડેલ હતાં. બનાવ અંગેની ફરિયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી અકસ્માત સર્જનાર અજાણ્યાં કાર ચાલકની શોધખોળ આદરી હતી.

# રામાપીર ચોકડી પાસે બંસી કોમ્પ્લેક્ષના ફ્લેટમાં મહિલા સંચાલીત જુગારધામ ઝડપાયું

## ચાર મહિલા સહિત ૧૨ શખ્સોની પોલીસે ધરપકડ કરી રૂ.૨.૨૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દિવાળીની રજાઓમાં કેટલાક જુગારીઓ ફિલ્ડ બેસાડવાનું શરૂ કરતા શહેર પોલીસે પણ બાતમીદારોનું નેટવર્ક કામે લગાડી જુગારીઓ પર બાજ નજર રાખી છે ત્યારે ગાંધીગ્રામ પોલીસે બાતમીના આધારે રામાપીર ચોકડી પાસે લાખના બંગલાવાળા રોડ પર આવેલ બંસી કોમ્પલેક્ષના ફલેટમાં ચાલતા મહિલા સંચાલીત જુગારધામ પર દરોડો પાડી ચાર મહિલા સહિત ૧૨ જુગારીઓની ધરપકડ કરી રૂ.૨.૨૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ ગાંધીગ્રામ પોલીસના પીઆઇ મેઘાણીની સુચનાથી પીએસઆઇ એમ.વી.જાડેજા, કોન્સ. રોહિતદાન ગઢવી સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે લાખના બંગલાવાળા રોડ પર આવેલ બંસી કોમ્પલેક્ષના ત્રીજા માળે ફલેટ નંબર ૩૦૩માં રહેતી દિવ્યા વિજય દેવડા નામની મહિલા પોતાના ફલેટમાં બહારથી માણસો બોલાવી જુગારના સાધનો પુરા પાડી પોતાના અંગત ફાયદા માટે નાલ ઉઘરાવી જુગારનો અખાડો ચલાવતી હોવાની હકિકત મળતા પોલીસે ઉપરોકત સ્થળે દરોડો પાડતા જુગાર રમતી દિવ્યા દાવડા, ગાયત્રીધામ સોસાયટી જામનગર રોડ પર રહેતો અશ્વીન હસમુખ બતીયા, કાંગસીયાળી ગામેનો હિતેન્દ્રસિંહ ગુલાબસિંહ જાડેજા, રસુલપરાનો ઈકબાલ કાસમ બુકેરા, રૈયા રોડ પર રજાનગરનો મોહસીન રજાક બુખારી, રૈયા રોડ પર બાપાસીતારામ ચોક પાસેનો રવિન્દ્રસિંહ અશોકસિંહ પરમાર, ગોંડલ રોડ રવેચી નગરનો બસીર ઓસમાણ ફકીર, લાખાજીરાજ ઉદ્યોગનગર ચુનારાવાડનો મેહુલ રોહિત બેસાણી, જંગલેશ્વરનો આફીસ ગુલામ હુસેન નાગાણી, રસુલપરાની અમીના ઈસ્માઈલ સીડા, ગાયત્રીધામ સોસાયટીની જોશના છગન ચંદારાણા, ગાંધીગ્રામ વેલનાથ ચોકની જયોતી દિલીપ ભટ્ટ સહિત ૧૨ જુગારીઓની પોલીસે ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા રૂ.૨૦૯૫૦, નવ મોબાઈલ કિંમત રૂ.૬૬૫૦૦, એક્ટિવા અને બાઇક પાંચ કિંમત રૂ.૧.૩૫ લાખ સહિત કુલ રૂ.૨.૨૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# ભક્તિનગર પોલીસમાં ૩૪ કિલો ગાંજા સાથે અગાઉ ઝડપાયેલ શખ્સ પાસામાં ધકેલાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દિવાળી પૂર્વે રાજકોટ શહેરમાં NDPS ના કવોલેટી કેસમાં ઝડપાયેલા માદક પદાર્થના ધંધાર્થીઓ વિરૂધ્ધ પોલીસે પાસાનું શસ્ત્ર ઉગામી નશાની બદીને ડામી દેવા પ્રયાસ શરૂ કરાયા છે ત્યારે અગાઉ ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૩૪ કિલો ગાંજા સાથે ઝડપાયેલા પેડલરને એસઓજીની ટીમે અટકાયતમાં લઇ PIT NDPS ની દરખાસ્ત તૈયાર કરી પાસામાં સુરત જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.



શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાની સૂચનાથી NDPS ના નોંધપાત્ર કેસોમાં ઝડપાયેલા માદક પદાર્થનું વેંચાણ કરતા શખ્સો વિરૂધ્ધ દરખાસ્ત કરી ડીજીપી સીઆઇડી ક્રાઇમને મોકલાવવામાં આવ્યા બાદ શહેરમાં માદક પદાર્થોનો વેપલો કરતા શખ્સો અંકુશમાં આવે અને લોકોની આર્થીક તથા સામાજીક સુખાકારી, પાયમાલીના માર્ગ તરફ જતા અટકે અને યુવાધન આવી બદીથી દુર રહે જેથી કાયદાનો કડક અમલ કરવા માટે PIT NDPS ની દરખાસ્ત તૈયાર કરી મોકલાવવામાં આવી હોય જેના પગલે અગાઉ ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૩૪ કિલો ગાંજા સાથે ઝડપાયેલ શાહરૂખ રહીમ મકવાણા (રહે. વિનોદનગર કવાર્ટર) નામના શખ્સની અટકાયત કરી ગઇકાલે વડોદરા જેલ ખાતે પાસામાં ધકેલી દીધા બાદ આજ કેસમાં તેની સાથે રહેલ અન્ય એક શખ્સ યુસુફ અમીન વાડીવાલા (રહે.દુધસાગર રોડ હાઉસીંગ બોર્ડ કવોર્ટર)ની અટકાયત કરી એસઓજીના પીઆઇ એસ.એમ.જાડેજાની સૂચનાથી પીએસઆઇ વી.વી.ધ્રાંગુ તથા એએસઆઇ અરૂણભાઇ સહિતના સ્ટાફે કરી પાસાનું વોરંટ ઇસ્યુ કરી સુરત જેલ ખાતે ધકેલી દેવામાં આવ્યો છે.

**એસઓજીની ટીમે PIT NDPS દરખાસ્ત તૈયાર કરી વોરંટની બજવણી કરી સુરત જેલમાં ધકેલાયો**

# વિદ્યુતનગરની મહિલાને મોબાઈલમાં વીડિયો કોલ કરી શખ્સે બિભત્સ માંગણી કરતા ફરીયાદ

## મહિલાએ જમીનની વિગતો મેળવવા ફેસબુકમાં શખ્સનો સંપર્ક કર્યો'તો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રૈયારોડ પર આવેલ વિદ્યુતનગરની મહિલાને વીડિયો કોલ કરી અંકલેશ્વરના શખ્સે બિભત્સ માંગણી કરતા ગાંધીગ્રામ-૨ યુની. પોલીસમાં ફરીયાદ નોંધાઇ છે. બનાવના પગલે હેડ કોન્સ. હરેશભાઇએ તપાસ હાથ ધરી અંકલેશ્વરના શખ્સની ધરપકડ કરવા તજવીજ શરૂ કરી છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ શહેરના રૈયા રોડ પર આવેલ વિદ્યુતનગરમાં રહેતી અને પ્રાઈવેટ નોકરી કરતી ૨૯ વર્ષીય મહિલાએ ગાંધીગ્રામ-૨ યુની. પોલીસમાં અંકલેશ્વરના હસ્તી તળાવ રોડ પર શિવાલય હાઇટ્સમાં રહેતો લલીત બચુ કાપડીયા વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે કે, અગાઉ તેઓએ તેના પતિના પરિવારની જમીન અંકલેશ્વરના લીમેટ ગામે આવેલ હોય જે જમીનની વિગતો મેળવવા માટે ફેસબુકના માધ્યમથી લલીત કાપડીયા સાથે સંપર્કમાં આવી હતી ત્યારબાદ બન્ને વચ્ચે મોબાઇલ નંબરની આપલે થઇ હતી અને લલીત કાપડીયા મહિલાને અવારને અવાર વોટ્સઅપ મારફતે મહિલાની ઇચ્છા વિરૂધ્ધ બિભત્સ મેસેજ કરી, વીડિયો કોલ કરી બિભત્સ માંગણી કરતા મહિલાએ ફરીયાદ નોંધાવી છે. બનાવના પગલે યુનિવર્સિટી પોલીસ મથકના હેડ કોન્સ. હરેશભાઇએ અંકલેશ્વરના શખ્સ વિરૂધ્ધ ગુન્હો નોંધી ધરપકડ કરવા તજવીજ શરૂ કરી છે.

# જવેલર્સની નજર ચૂકવી સોનાની બુટી તફડાવી જનાર ગઠિયાની ધરપકડ

## ગ્રાહકના સ્વાંગમાં આવેલો તસ્કર કળા કરી ગયાની ફરિયાદ નોંધાઈ'તી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સંતકબીર રોડ પર હાઉસિંગ બોડ કવાર્ટર પાસે આવેલી બાલકૃષ્ણ સોસાયટીમાં રહેતા અને ગોકુળનગર આવાસ યોજના સોંપીગ સેન્ટરમાં મીરાજ જવેલર્સ નામની દુકાન ધરાવતા કમલેશભાઈ લાધાભાઈ મુછાળા (ઉ.વ.૬૫)નામના વેપારીએ થોરાળા પોલીસ મથકમાં નોધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ ગત તા.૪-૧૦ના સવારે તેઓ દુકાને ગયા હતા અને સાંજે છ વાગ્યાના અરસામાં તેઓ દુકાને હતા ત્યારે એક ગ્રાહક આવેલો જેણે સફેદ કલરનો શર્ટ અને બ્લુ કલરનું જીન્સનુ પેન્ટ



પહેરેલુ હતુ ગ્રાહકે સોનાની બુટી બતાવાનુ કહેતા તેઓએ કબાટમાં રાખેલી અલગ અલગ સોનાની બુટી ટ્રેમાં રાખી બતાવી હતી. જેમાંથી તેણે એક બુટી ગમી જતા આ બુટી બાજુમાં રાખી

વેપારી દુકાનમાં માલ ગોઠવતા હતા ત્યારે એક બુટીની જોડી ઓછુ હોવાનુ જાણવા મળતા આગલા દિવસે આગેલો ગ્રાહક તેમની નજર હતી અને અન્ય વસ્તુઓ બતાવાનુ કહેતા તેઓ અન્ય વસ્તુઓ બતાવતા હતા. બાદમા તેણે આ વસ્તુ ગમતી નથી જેથી ફરિયાદએ બીજો માલ કાલે આવશે તેમ કહેતા ગ્રાહક હુ કાલે આવશી તેમ કહી ત્યાથી જતો રહ્યો હતો. બાદમાં બીજા દિવસે ચૂકવી સોનાની બુટીની જોડી વજન ૩.૭૦૦ મીલી, કિં.૩૭૫૦૦ની ચોરી કરી લઈ ગયો હતો. આ અંગે થોરાળા પોલીસે ગ્રાહકના સ્વાંગમાં આવેલા અજાણયા શખ્સ વિરૂધ્ધ ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન પોલીસે બાતમીના આધારે બુટીની ચોરી કરનાર નિલેશ ઉર્ફે હિતેષ શામજી મકવાણા (રહે. ગ્રીનલેન્ડ ચોકડી પાસે, લાલપરી, મફતીયાપરા) નામના શખ્સને દબોચી લઇ ચોરી કરેલી સોનાની બે બુટી રૂ.૩૭૫૦૦ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# આત્મીય કોલેજ પાસે ચાલુ બાઈકે સોની વેપારીને હાર્ટ એટેક આવતા મોત

## તબિયત ખરાબ હોવાથી હોસ્પિટલે બતાવી ઘરે પરત ફરી રહ્યા હતા, રાહદારીઓએ સીપીઆર આપ્યો પણ જીવ ન બચ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કાલાવડ રોડ પર આત્મીય કોલેજ પાસે ૪૬ વર્ષીય સોની વેપારીને ચાલુ બાઇક પર હાર્ટ એટેક આવતા તે રોડ પર પટકાયો હતો જો કે અહીંથી પસાર થતા કેટલાક રાહદારીઓ દ્વારા વેપારીને સીપીઆર આપી જીવ બચાવાની કોશીષ કરી હતી પણ ૧૦૮ દ્વારા હોસ્પિટલે ખસેડતાં તબીબે મૃત જાહેર કર્યા હતા.

આ અંગેની વિગતો મુજબ, કાલાવડ રોડ પર વૃંદાવન સોસાયટીમાં રહેતાં અને સોની કામ કરતા  વર્ષીય કાર્તિકભાઇ ઉમેશભાઇ ચોક્સીની તબિયત ઠીક ન હોય જેથી તેઓ બાઈક લઈને પંચનાથ હોસ્પિટલે સારવાર માટે ગયા હતા ત્યાંથી ચેકઅપ કરાવીને પરત ફરી રહ્યા હોય ત્યારે કાલાવડ રોડ આત્મીય કોલેજ પાસે



પહોંચતા અચાનક તેઓ રોડ પર પડી ગયા હતા.

દરમિયાન અહીંથી પસાર થતા કેટલાક રાહદારીઓએ કાર્તિકભાઈને સીપીઆર આપી બનાવ અંગે ૧૦૮ ને જાણ કરી હતી. યુવકને હોસ્પિટલે ખસેડતાં તબીબે મૃત જાહેર કર્યો હતો. ઘટના અંગે જાણ થતાં સ્થાનિક પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં કાર્તિકભાઈનું મોત હાર્ટ અટેક અને માથામાં થયેલી ઈજાને કારણે થયું હોવાનું સામે આવ્યું હતું.

# નાણાવટી ચોક પાસે હત્યાની કોશીષના ગુનામાં આરોપીની જામીન અરજી મંજૂર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નાણાવટી ચોકમાં મશકરીમાં સળગતી દીવાસળી યુવાન ઉપર ફેંકી છરી વડે હુમલો કરવાના કેસમાં હાઈકોર્ટ દ્વારા આરોપીના જામીન મંજુર કરવામાં આવ્યા હતા. પરંતુ ટ્રાયલ કોર્ટમાં હાજર નહિ રહેતા આરોપીની ધરપકડ કરી ફરી જેલ હવાલે કરવામાં આવ્યો હતો. જે ખુનની કોશીષના ગુનામા ટ્રાયલ કોર્ટે આરોપીની શરતી જામીન અરજી મંજુર કરતો હુકમ કર્યો છે.

આ કેસની હકિકત મુજબ રૈયા રોડ ઉપર બસીરા પેલેસ એપાર્ટમેન્ટમાં રહેતા ફરિયાદી હિરેનભાઈ કાનાભાઈ ડોડીયા રાત્રીના દશેક વાગ્યે નાણાવટી ચોક પાસે આવેલ આશાપુરા પાન નામની દુકાને ફાકી ખાવા માટે ગયા હતા. ત્યારે જેનીશ મહાજને સીગરેટ સળગાવી દિવાસળી માથે ફેંકી હતી.



હર્ષ ધીયા

રોહિત ધીયા

જે અંગે સમજાવતા જેનીશ મહાજન, સુમીત ઉર્ફે સુજલ મનુભાઈ સોલંકી, અને સુનીલ ટોયટાએ ઝઘડો કરી છરી વડે હુમલો કર્યો હતો. જે અંગે હિરેનભાઈ ડોડીયાએ ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા. જેલ હવાલે રહેલા આરોપીને હાઈકોર્ટ દ્વારા જામીન મુક્ત કરવામાં આવ્યા હતા. ચાર્જશીટ બાદ કેસ ચાલવા ઉપર આવ્યો હતો. પરંતુ જામીન મુકત થયેલો આરોપી સુમીત ઉર્ફે સુજલ સોલંકી ટ્રાયલ કોર્ટમાં હાજર રહેતા નહિ હોવાથી આરોપી સામેના અનેક વોરંટ બાદ પોલીસ દ્વારા અટકાયત કરી જેલ હવાલે કરવામાં આવ્યો હતો. ટ્રાયલ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી.જે જામીન અરજી ચાલી જતા બંને પક્ષના વકીલોની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ ટ્રાયલ કોર્ટે આરોપીને જામીન મુક્ત કરતો હુકમ ફરમાવ્યો છે. આ કેસમાં આરોપી વતી એડવોકેટ રોહિત બી. ધીયા, હર્ષ. આર.ધીયા અને મદદમાં રીધ્ધીબેન ખંધેડીયા રોકાયા હતા.

# કોઠારીયા સોલંવટ પાસે હરીદ્વાર-૨ સોસાયટીમાં ચાર શખ્સોએ આતંક મચાવી યુવતી પર કર્યો હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ગોંડલ રોડ પર આવેલ કોઠારીયા સોલંવટ પાસે હરીદ્વાર-૨ સોસાયટીમાં શેરી નં.૪માં રહેતી પુજાબેન કિશોરભાઇ મકવાણા નામની ૨૨ વર્ષીય મહિલાએ આજીડેમ પોલીસમાં સોસાયટીમાં રહેતો મેતરાજ, માઇકલ, હિતેષ ઉર્ફે ઘઉં અને અનિલ સહિત ચાર શખ્સોએ ઘરના દરવાજામાં પાટા મારી હેન્ડલ તોડી નાખી અંદર પ્રવેશ કરી યુવતીને મારમારી તેના ભાઇ મીલન વચ્ચે છોડાવા પડતા તેને પણ મારમારી કુહાડીનો ઘા ઝીંકી દઇ જાનથી મારી નાખવાની ધમકી આપ્યા બાદ ચારેય શખ્સો નાસી ગયા હતા. બનાવબાદ યુવતીએ આજીડેમ પોલીસમાં ફરીયાદ નોંધાવતા એએસઆઇ જે.કે.કુરીયાએ ગુન્હો નોંધી આતંકમચાવનાર ચારે શખ્સોની ધરપકડ કરવા તજવીજ શરૂ કરી છે.

# મધુસૂદન ઈન્ડસ્ટ્રીઝમાં હાર્ડવેર કારખાનામાં ૩૩ હજારની ચોરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ મધુસૂદન ઈન્ડસ્ટ્રીઝમાં આવેલા એક હાર્ડવેર કારખાનામાં ત્રાટકેલ એક બુકાનીધારી તસ્કરી ઓફિસનો કાચ તોડી રોકડ ૩૩ હજારની ચોરી કરતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગેની મળતી માહિતી મુજબ, બાલાજી પાર્ક શેરી નંબર એકમાં રહેતા ફરીયાદી ચેતન વિઠ્ઠલભાઈ બરવાડીયાએ ભક્તિનગર પોલીસ મથકમાં અજાણ્યા શખસ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, તેવો મધુસુદન ઈન્ડસ્ટ્રીઝમાં હાર્ડવેરનું કારખાનુ ધરાવે છે. ગુરુવારે રાત્રિના નવ વાગ્યે ચેતનભાઈ કારખાનું બંધ કરીને ઘરે જતા રહ્યા હતા.સવારે તેઓ કારખાને આવતા અંદર જોતા જ ઓફિસનો મેઈન દરવાજાનો કાચ તૂટેલો જોવા મળ્યો હતો તપાસ કરતા ઓફિસમાં ટેબલના ખાનામાં રહેલા ૩૩,૦૦૦ ગાયબ જોવા મળ્યા હતા. ચેતનભાઈ કારખાનામાં લાગેલા સીસીટીવી જોતા રાત્રિના ૧.૪૯ વાગ્યે બુકાનીધારી એક શખસ બહારના ભાગે રહેલા વીજપોલ પરથી કારખાનામાં પ્રવેશતા જોવા મળ્યો હતો. ઘટના અંગે ભક્તિનગર પોલીસે સીસીટીવી ફૂટેજ ના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# સુત્રાપાડાના કદવાર ગામના શખ્શને દારૂના જથ્થા સાથે પોલીસે પકડી પાડયો

**મુખ્ય સમાચાર, પ્રભાસપાટણ**

ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક જયદિપસિંહ જાડેજા ના માર્ગદર્શન હેઠળ સુત્રાપાડા પોલીસ સ્ટેશનને ઇન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર આર.એચ.લોહ તથા પો.હેડ કોન્સ મનોજભાઈ કરશનભાઈ બાંભણીયા, ભાવેશભાઈ ગોવિદભાઈ મોરી, પો.કોન્સ. જગદીશભાઈ જેઠાભાઈ ડોડીયા, બાબુભાઈ સાર્દુળભાઇ રામ તથા ભાવેશભાઈ જીણાભાઇ ડાંગોદરાએ પોલીસ સ્ટાફ સુત્રાપાડા પોલીસ સ્ટેશન ખાતે હાજર હોય, તે દરમ્યાન પો.કોન્સ. જગદીશભાઈ જેઠાભાઈ ડોડીયાને બાતમી હકીકત મળેલ કે, ટ્રક રજી નંબર- GJ-32-V-9198નો ચાલક પોતાના હવાલા વાળા ટ્રકની અંદર ભારતીય બનાવટના વિદેશીનો જથ્થો લઇને સુત્રાપાડા તરફ આવે છે,

જે બાતમી હકીકત આધારે



પોલીસ સ્ટાફ સુત્રાપાડા ટાઉન ચોકીની બાજુમાં વોચમા રહેલ હોય, તે દરમ્યાન ઉપરોક્ત નંબર વાળો ટ્રક આવતા રોકાવી ચેક કરતા ટ્રકની ડ્રાઇવર કેબીનમાંથી બે બાચકાઓમાં ભરેલ ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલો મળી આવેલ, જે ટ્રકના ડ્રાઇવરનું નામઠામ પુછતા સુત્રાપાડા ત્રાપાડા તાલુકાના કદવાર ગામ નામ નરેશભાઈ કાનજીભાઈ બામણીયા ઉ.વ.૨૫ ધંધો.ડ્રાઈવીગ હોવાનું જણાવેલ તેમજ આ દારૂ રાખવા બાબતે પોતાની પાસે કોઈ પાસ પરમીટ ન હોવાનું જણાવતા હોય, જેથી બન્ને બાચકાઓમાંથી મળી આવેલ ભારતીય બનાવટનો વિદેશી દારૂ (૧) રોયલ ચેલેન્જ ફીટનેશ પ્રિમિયમ વ્હીસકી ૭૫૦ મીલીની બોટલો નંગ-૨૧ કિં.રૂ.૨૭,૩૦૦ (૨) ઈમ્પીરીયલ બ્લુ હેન્ડ પીંકડ ગ્રેઇન વ્હીસકી ૭૫-મીલીની બોટલો નંગ ૧૮ કિં.રૂ.૧૯,૮૦૦/- મળી કુલ કિં.રૂ.૪૭,૩૦૦/- નો પ્રોહિ મુદામાલ તથા દારૂની હેરાફેરીમા ઉપયોગમા, લીધેલ ટ્રક રજી. નંબર -૩૨--૯૧૯૮ જેની કિં.રૂ.૨૦,૦૦,૦૦૦/- મળી કુલ કિં.રૂ ૨૦,૪૭,૩૦૦/-નો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરેલ છે. તેમજ સુત્રાપાડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. પ્રોહિ કલમ ૮૧,૬૫(ઈ), ૯૯,૯૮(૨) મુજબનો ગુન્હો દાખલ કરી ધોરણસર કાર્યવાહી કરવામા આવેલ છે.કામગીરી કરનાર અધિકારી/કર્મચારી આર.એચ.લોહ ઇન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી સુત્રાપાડા પોલીસ સ્ટેશન મનોજભાઈ કરશનભાઈ બાંભણીયા પો.હેડ કોન્સ. ભાવેશભાઈ ગોવિદભાઈ મોરી પો.હેડ કોન્સ., જગદીશભાઈ જેઠાભાઈ ડોડીયા પો.કોન્સ.,બાબુભાઈ સાદુળભાઈ રામ પો.કોન્સ ભાવેશભાઈ જીણાભાઇ ડાંગોદરા પો.કોન્સ. સુત્રાપાડા પોલીસ સ્ટેશન નો સ્ટાફ જોડાયેલા હતા.

# જસદણના કનેસરામાં સાસુના ત્રાસથી નવોઢાનો ગળેફાંસો ખાઇ આપઘાત

## સાત મહિના પૂર્વે જ લગ્નગ્રંથીથી જોડાયેલી પરિણીતા અગાઉ ત્રણ મહિના રિસામણે પણ બેઠી'તી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જસદણના કનેસરા ગામે રહેતી અને સાત મહિના પૂર્વે જ લગ્નના તાતણે બંધાયેલી પરિણીતાએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. લગ્ન બાદ સાસુ અવાર નવાર કામ બાબતે ઝઘડો કરતા હોવાથી તેણી અગાઉ ૩ મહિના રિસામણે પણ ગઇ હતી. જો કે, સમાધાન બાદ સાસરીયે આવી હતી. પરંતુ સાસુના ત્રાસથી કંટાળી તેણીએ આ પગલું ભરી લીધાનુ જાણવા મળ્યુ છે. જાણવા મળતી વિગત મુજબ જસદણ તાલુકાના કનેસરા ગામે રહેતી કાજલ સાગરભાઈ મેણીયા (ઉ.વ.૨૫)નામની પરિણીતાએ આજે વહેલી સવારે પાંચ વાગ્યાના અરસામાં



પોતાના ઘરે પંખામાં ચૂંદડી બાંધી ગળાફાંસો ખાઇ લીધો હતો. જેથી તેને ગંભીર હાલતમાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પરંતુ અહીં તેનુ ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યુ હતું. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે જરૂરી કાર્યવાહી કરી ભાડલા પોલીસને જાણ કરતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં મૃતક કાજલના લગ્ન સાત મહિના પૂર્વે જ થયા હતા. તેનુ માવતર સરધાર નજીક ખડવાવડી ગામે છે. તેણી એક ભાઇ ચાર બહેનમાં નાની હતી. વધુ તપાસમાં લગ્ન બાદ તેના સાસુ ગીતાબેન અવાર નવાર કામ બાબતે ઝઘડો કરતા હોય જેથી તેણી અગાઉ ૩ મહિના રિસામણે ચાલી ગઇ હતી. બાદમાં સમાજ સાથે બેસીને સમાધાન કરતા નવરાત્રિમાં તેણે સાસરીયે તેડી ગયા હતા. હજૂ ત્રણ દિવસ પહેલા તેણી માવતરેથી આટો મારીને પરત આવી હતી. ત્યારે આ પગલું ભરી લેતા પરિવારજનોમાં શોકની લાગણી છ્વાઇ જવા પામી છે. સાસુના ત્રાસથી કંટાળી પરિણીતાએ આ પગલુ ભરી લીધાનું ખુલવા પામ્યુ છે.

# વાંકાનેરમાં લેબર ક્વાર્ટરમાં યુવતીનો ગળેફાંસો ખાઇ આપઘાત

વાંકાનેર તાલુકાના માટેલ ગામની સીમમાં આવેલી એસ્કોન સિરામીકની લેબર ક્વાર્ટરમાં ૨૦ વર્ષીય યુવતીએ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. મળતી માહિતી મુજબ, વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અપમૃત્યુની નોંધ મુજબ, મૃતક શીવાનીદેવી ચંદ્રપ્રસાદ રાજપુત ઉવ.૨૦ મૂળ ઉત્તરપ્રદેશના જાલૌન જીલ્લાના દદરિ ગામની વતની હતી અને હાલ માટેલ ગામની સીમમાં આવેલી એસ્કોન સિરામીક કંપનીના લેબર ક્વાર્ટરમાં પોતાના પરિવાર સાથે રહેતી હતી. ત્યારે દિવાળીના તહેવાર માટે વતનમાં જવાની ઈચ્છા વ્યક્ત કરતાં મૃતક શીવાનીદેવીની માતાએ કહ્યું કે, આ વર્ષે વતનમાં નહિ જવુ એવી વાત કહી હતી. આ વાતથી યુવતીને મનોમન લાગી આવતા છેલ્લા દસ દિવસથી ઉદાસ તથા સુનમન રહેતી હતી અને બે દિવસથી તે કામ પર પણ જતી ન હતી. ત્યારે ગઈકાલ તા.૧૬ ઓક્ટોબરના રોજ બપોરના સમયગાળા દરમિયાન, શીવાનીદેવી એ રૂમ અંદરથી બંધ કરી પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. હાલ વાંકાનેર તાલુકા પોલીસે મૃત્યુના બનાવ અંગે અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.